


વિશ્વમાતૃકા · શિલ્પી · કે. ડી. ત્રિપાઠી

કુમાર

૩૬૦
ડિસેમ્બર · ૧૯૫૩

આદ્યતંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઇ રાવત

કુમાર
ડીસેમ્બર ૧૯૪૩
અંક ૨૪

પ્રકાશન તારીખ ૧૧-૧-૪૪

મુદ્રક·બચુભાઈ રાવત; પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આનો. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ. મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ-૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.

અયોધ્યાની પ્રજાના વસ્ત્રોના મેલ ધોનાર

ધોબી



પ્રજાનાં અંતર
મલિન કરી ગયો
અને
એ મલિનતાને
ધોઇ નાખવા
પ્રાતઃ સ્મરણીય
ભગવાન રામચંદ્રે
કરેલું પ્રાયશ્ચિત
અને
આત્મમંથન....

●

આત્મશુદ્ધિ અને
આત્મમંથનાએ
મહાયજ્ઞને
વારંવાર જોઇ
દેશજનો કૃતકૃત્ય
થઇ રહ્યા છે.

વહેલી તકે તમે પણ જુએ।

દિગ્દર્શક – વિજય ભટ્ટ
કળા – કનુ દેસાઇ

પાત્રો :
શોભના સમર્થ · પ્રેમઅદીબ
ઉમાકાન્ત · બદ્રીપ્રસાદ · યશવંત
મધુસુદન · રંજના · પાંડે

પ્રકાશનું મહા-ચિત્ર

સુપર મુંબઈ

રીગલ અમદાવાદ

પ્રભાત વડોદરા

દેશભરમાં આજ પાંચ
મહીનાથી જેનો ડંકો વાગે છે

● કલકત્તા ● લાહોર ● પૂના
● શોલાપૂર ● દિલ્હી ● અમૃતસર

● એ વ ર થી ન રી લી ઝ ●

આવતી કાલનાં નાગરિકોનું માસિક કુમાર વર્ષ ૨૦મું અંક ૧૨મો · ડીસેમ્બર ૧૯૪૩

જોયો તામિલ દેશ

કવિ : સુન્દરમ્

'સુશોભનકાર' શ્રી કૃષ્ણલાલ ભટ્ટ

· શાર્દૂલવિક્રીડિત ·

૧

જોયો તામિલ દેશ, વેશ અડવો, શ્યામાંગ જાણે બળ્યો
દાઝયો ભાખર, નિત્યતપ્ત ધરણી આ તામ્રવર્ણી પરે
સ્રષ્ટાની દગ દેખવે મગન જ્યાં સૌન્દર્ય દેશોત્તરે—
ત્યારે ફેરવવું ચુકયો, તદપિ ના એ અંતરેથી ટળ્યો.



૨

ના ના અંતરથી ટળ્યો, ઉર ઠર્યો એને વધુ, તપ્ત એ
ભૂમિને હૃદયે સુફીત જલનો શીળો સુનીલાંચલ
અર્પ્યો રત્નપ્રવાલભૂષિત રુડો લ્હેરંત શો ચંચલ!
ને એ પ્રીતમસ્પર્શથી ધરણીને રોમાંચ, શો દપ્ત તે!



૩

કેવી દપ્ત સુતૃપ્ત ભૂમિરમણી આ નાથ-આશ્લેષથી;
રોમાંચે પુલકયું સદા ઉર ઝુલે આ વૃક્ષરાજી બની,
કંઠે કંઠ મળ્યા, ભળ્યાં ઉર-ઉરો, શી સ્નેહસૌદામિની
પૃથ્વીને પટ નર્તતી પ્રકૃતિની કો દિવ્ય આશીષથી!



૪

જોયો તામિલ દેશ, લેશ હરખ્યું ના સદ્ય મારું ઉર,
આવી ઉન્મદ રૂપની ધરતીનાં કાં દીન આવાં શિશુ—
દારિદ્રય હત, વસ્ત્રવંચિત, નહીં એકે ય શક્તિ-ઇષુ,
ના વર્ષા ભરપૂર નીર નહિ વા રેલંત કોઈ પુર.

૫



રે આ તામિલ દેશ, ઠેશ દઇને
લક્ષ્મી શું ચાલી ગઇ
ઊંચાં ઉત્તર હૈમ હર્મ્ય વસવા?
ના ચોલ કે પાંડય કો
એને સ્વાત્મપરાક્રમે નિજ વશે
લેવા રહ્યો, જાડય કો
જામ્યું; છો ઉતર્યા બપોર, પણ રે
સન્ધ્યાની લાલી ય ગૈ?

૬



તો યે શ્યામલ રાતમાં જનઉરે
ઝંખ્યા નહીં લુપ્ત થૈ,
શ્રીની, શ્રીપતિની, પ્રબોધ-રસની,
સૌન્દર્યની, જ્ઞાનની
વેદી દીપ્ત રહી કયહીં લઘુ કયહીં
મોટી, મહા યામિની
તારાભૂષણથી વિભૂષિત બની,
આહ્લાદિકા મત્ત થૈ.

૭



જોયો તામિલ દેશ બેસી ઘરમાં
કે માર્ગમાં ખેતરે,
જોયાં પ્રાંગણ સ્વસ્તિકે સુહવતાં
માંગલ્ય નિત્યે ધરી,
જોયાં તોરણ દ્વારનાં રસભતા
ભાસ્કર્યની શ્રી ભરી.
જોયાં ગોપુરવ્યોમમાં સ્થિર ખડાં
ભક્તિ શું ભક્તાંતરે!

૮



જોયો તામિલ દેશ, કેશ રમણી
ગૂંથંતી શી કોડથી,
શ્યામાંગે રસતી હરિદ્રદ્યુતિને,
એકાદ યે પુષ્પથી
જાણે સર્વ વસંતની પ્રગટતી
શોભા, કશો ઓપતી
ઓષ્ઠે તામ્બુલ રાગ, કર્ણ ધરતી
શા હીરકો લાડથી!

૯

જોયો તામિલ દેશ, શ્રેષ્ઠી કરમાં કલ્લી લસે સ્વર્ણની,
શીર્ષે લંબ શિખા, ત્રિપુંડ તિલકોનાં રમ્ય આલેખને
એકાકું ઉપવસ્ત્ર યે દ્વિજ તણી શોભા બઢાવે, અને
સાદો સ્વચ્છ યુવાન સૌમ્ય વસને કો મૂર્તિ લાવણ્યની.

૧૦

જોયો તામિલ દેશ, એશ બમણો લાગ્યો અજા યાપણે?
કે કો મોહક મૂર્છને, રમણુંના કો સ્નેહના કર્ષણે
તેનું સર્વસ રમ્ય લાગ્યું, વિસર્યો દોષો શું આછા ગુણે?
ના ના, સાવ તટસ્થ, સાવ નિકટે પ્હોંચી લહ્યું મન્મને.



૧૧

જોયો તામિલ દેશ, ઍશ મનની કે દેહની જે રહી
બીજે તે ત્યહીં યે હતી, તદપિ એ ઉત્કૃષ્ટ કૈં લક્ષણે
બીજાથી નિવડયો, ચડયો હૃદયના નિષ્કિંચના કો ગુણે
ભક્તિની રક્ષની કલારુચિતણી ના કો કમી ત્યાં લહી.

૧૨

જોયાં શ્યામલ એ મુખો સ્મિતથકી એવાં જ રૂહેતાં ખીલી.
જોઈ શ્યામલ જોબના મદભરી એવી જ લજ્જાભરી,
જોયાં શ્યામલ બાળ મુગ્ધ ઉરને જાતાંજ એવું હરી,
જોયો જીવનનો કલાપ અહિં યે અન્યત્ર જેવો બલી.

૧૩

ને જોયું ત્યહીં એક કૌતક નવું અન્યત્ર કયાંયે ન જે,
ના કો કાવ્યકલારસે, મનુજના કો કર્મક્ષેત્રે ન જે,
ના ધર્મે, ન શહાદતે, નહિ વસ્યું વા રાજછત્રે ય જે,
ના ગાઢ અણુયે ય—કિન્તુ-કથના તેની સમે કો બીજે !

રે પાન્થ!

• વસન્તતિલકા •

રે પાન્થ ! વિશ્વપથના, ભવકેડીઓમાં
ઓલાય ના કદી ય અંતરદીપ તારો.
વ્હેતા ચિરંતન પ્રવાહમહીં ન લુપ્ત
તું કાળના થઇ જતો કદી, કાલકૂટ!

બ્રહ્માંડના બટુકયાત્રી! વિરાટ શક્તિ
દુર્ધર્ષ ચંડ શિખરે પગ મૂકવાની
તારે વિષે, જલધિનાં જલ પી જવાની,
સ્વર્ગો નવાંજ રચવાની, પ્રસુપ્ત રૂપે.

તોડી વછોડી જગની જડ શૃંખલાઓ
તું પાડ કેડી નવી કેસરી! પંથ તારો
દેને ઉજાળી તુજ આત્મની દીપ્તિવાટે.
ના શ્રાન્ત થૈ અટકતો અહીં પૃથ્વીઘાટે.

લે કાળરેત ઉડતી પથ આવરી હ્યાં,
ભૂંસાય તો ય પગલાં નહિ પંથી તારાં
એવું અજાયબ રસાયણ મૂકતો જા
તારે ડગેડગ.

'ચંપેશ'

યાત્રી

• વંશસ્થ •

પ્રયાણ ગારે કપરાં છ કાપવાં:
અહીં નથી ફૂલગુલાબ પાથર્યાં.
સ્વપ્નો તણી મોતનમાળ તૂટતાં,
કણી કણી હ્યાં વિખરાઈ માર્ગમાં!

ડગે ડગે આ પથના પ્રવાસમાં
અન્ધારઓળા પજવે ડરામણા;
ચળાવવાને ધ્રુવલક્ષ્ય સાધના
પ્રતિ ક્ષણે જાળ રચે ભયંકરા.

શ્રદ્ધા તણા તોય ફુંકાઈ વાયરા
જમાવતા ઘર્ષણયોગ જોસથી;
ઝબૂકતી વિદ્યુત માર્ગ ચીંધતી
નવાં નવાં તોરણ તેજનાં ગૂંથી.

અંધારની સંગ લડું, પડું, છતાં
હું માહરી ટેકગુલાકડી બનું;
મુસીબતોની મિજબાની માણતો
સુદૂરનું 'ધામ' કરું છ ઢૂંકડું.

બાલમુકુન્દ દવે

સામયિક ચિંતન

મુંબાઈ પાટનગરના કળાના ઇતિહાસમાં આ પહેલું સિલ્વર જ્યૂબિલી પ્રદર્શન અનેરા મહત્ત્વનો પ્રસંગ છે. મુંબાઇ-ની મોટીમોટી સંસ્થાઓ આ દેશના શ્રી-મંતોના શ્રમથી જ ઉત્પન્ન થએલી છે, પરંતુ કમભાગ્યે તે બધીનો વહીવટ અને કાબૂ સર-કારી અધિકાર તળે છે. એવા સંજોગોમાં તરુણ અને ઉત્સાહી હિંદી કલાકારોએ સાહસવૃત્તિથી પ્રેરાઈ આ પ્રસંગ પોતાની જાતે ઉપસ્થિત કર્યો છે અને તેમાં પીઢ કલા-કારોએ સાથ આપ્યો છે; ઉપરાંત, મુંબાઈ અને બહારના રસિક શ્રીમંતોએ પણ તેમાં ઉદાર હાથ આપ્યો છે.

શિક્ષણ તેમજ રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ કળા લોકજીવનનું ઓતપ્રોત થએલું તત્ત્વ છે એ સૌ સ્વીકારે છે. અને તેના વિકાસ તથા નિર્વાહ માટે અનેકાનેક સંસ્થાઓની જરૂર છે, જેથી જનસમુદાય આખામાં તેનો યોગ્ય પ્રચાર થઈ શકે. જગતનાં બીજાં પ્રસિદ્ધ પ્ર-ગતિવાન પાટનગરોને હિસાબે આ બાબત-માં મુંબાઇ કશું જ કરી શકયું નથી એ સ્વીકારતાં બેશક દિલગીર થવા જેવું છે. આ શહેરમાં એકે એવું સ્થાન નથી કે જ્યાં કલા-કૃતિઓ સગવડપૂર્વક દાખવી શકાય અને હજારો જનગણસંખ્યાને રંગ, રૂપ તથા કલ્પનાના સૌંદર્યનો આસ્વાદ અર્પી તેમનાં જીવનમાં ઉલ્લાસ તથા પ્રભાવ પ્રેરી શકાય.

આજકાલ રેડિયોકેન્દ્ર દ્વારા સંગીતની મધુરતા અને મજા ચોદિશ પહોંચાડી શકાય છે, પરંતુ દૃશ્ય કલાઓ હજુ ઉત્તેજન અને કદરના અભાવે પડદા પાછળ પુરાઈ રહી છે. આને કારણે, આશ્રય અને આદર આપનારી મહાન જનતાથી વિખૂટો બનેલો કલાકાર પોતાનો માર્ગ આગળ કરી શકયો નથી. પોતાની જેવીતેવી શક્તિઓના આધારે તે કોઈક સ્ટુડિયોમાં કે કોઇક શાળામાં પોતાનો પંથ કાપી રહ્યો છે અને અણગમતી પરાઇ મજૂરીનાં કામોમાં કે શાળાની ટીંગર પાછળ પોતાની જાત ઘસી રહ્યો છે.

બીજા દરેક પ્રગતિમાન અને જાગ્રત મુ-લકમાં તો લોકોને કલાભિમુખ રાખવા મોટાં-મોટાં કલાકેન્દ્રો હોય છે અને જાતજાતના ઉપક્રમોથી જનતામાં કલાવૃત્તિ પોષવામાં આવે છે. નગરના ગણનાયકો ખાસ ચીવટ રાખીને પોતાના નગરના કલાકારોને સુખ-

કળાનો સમાદર

[રવિશંકર રાવળ]

આર્ટ સોસાએટી ઑાવ ઇન્ડિયા (મુંબાઇ)ના સભ્યોની કૃતિઓનું પ્રદર્શન ખુલ્લું મુકાયાને પ્રસંગે મંડળના પ્રમુખ તરીકે કરેલું પ્રવચન.

સગવડભર્યાં આવાસ અને આવક મળે તેવો પ્રબંધ કરે છે, અને જુદાજુદા ઉદ્યોગધંધાના નાયકો પોતપોતાનાં ક્ષેત્રોનાં મનુષ્યો માટે પ્રદર્શનો અને ચિત્રાલયો રચે છે. આવું જ કાંઇક મુંબાઇ તેમજ હિંદનાં બીજાં શહેરોના સુખી અને સંપન્ન શ્રીમંતો દ્વારા થાય, અને ધંધાની રોજની ધાંધલ-ધમાલથી થાકેલા અકળાએલા જીવોને સૌંદર્યના ઘૂંટ પાઈ શાંત અને સ્વસ્થ બનાવવાનું પુણ્ય તેઓ મેળવે તો કેવું સારૂં! પ્રસ્તુત 'આર્ટ સોસાએટી ઑાવ ઇન્ડિયા' તરફથી અગાઉ શાળાઓ તેમજ વિદ્યાર્થીઓ માટે એવા પ્રયત્નો થએલા, અને હજુ પણ સાધન તથા સહાય મળતાં જશે તેમતેમ તેમાં વધુ પ્રગતિ થશે.

આજકાલ મારી નજરે યુવાન કારીગરવર્ગ પોતાનાં કળાકૌશલ્યની કક્ષામાં અચૂક પ્રગતિ કરી રહ્યો દેખાય છે, એટલું જ નહિ પણ દેશમાં અને પરદેશોમાં કળાના જે જે નવા પ્રકારો જન્મ્યા છે તેમાં પણ તેઓએ જિગરપૂર્વક ઝંપલાવ્યું છે. પણ હું તેમને એટલું કહીશ, કે તેમની કળા જેમને માટે સર્જાય છે—જે પ્રજામાંથી ઉદ્‌ભવી છે તે જનતામાં જ તેની કદર અને સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે જ તેની સફળતા છે, નહિં કે પરદેશોનાં પ્રમાણોથી. કોઇ ન્યુસપેપરની નોંધો, સમકાલીન અભિપ્રાયપ્રદર્શનો, સર્ટિફિકેટો કે ચન્દ્રકો દ્વારા કલાની કૃતિના સાચા ગુણ કે પ્રભાવ પરખી શકાતા નથી. કલાકારે જો તેમાં પ્રેરણાપૂર્ણ પ્રામાણિકતાથી સાચી લાગણી ઉતારી હશે તો એની કૃતિ જરૂર ભવિષ્યમાં આદર પામવાની. આપણે જોઇએ જ છીએ કે કૈંક ચન્દ્રકો મેળવનારાઓ અને પ્રમાણપત્રધારી નિષ્ણાતો કાળની ઘેરી વિસ્મૃતિમાં ગુલ થઇ ગયા છે; અને બીજી બાજુ, પૃથ્વીનાં પડોમાં અને ખંડિયેરોમાં સૈકાઓથી વિલુપ્ત પડેલી કૃતિઓ હાથચડતાં આજની પ્રજામાં વાહવાહ બોલાવી રહી છે.

એ બધી કૃતિઓમાં રહેલું ચિરંજીવ અને સ્થાયી તત્ત્વ આપણે સૂક્ષ્મ બુદ્ધિથી પિછાની ખુલ્લા હૃદયથી અપનાવી લેવું જોઇએ, અને આપણી આજની કૃતિઓમાં ઉતારવા પુરુષાર્થ કરવો જોઇએ. ભૂતકાળની એ કલાનિષ્પત્તિઓ આપણને માર્ગદર્શન આપનારી બને તે માટે આપણે તેના પ્રતિ બહુમાનપૂર્વક વિદ્યાર્થીભાવ ધારણ કરવો જોઇએ. જે તત્ત્વો વડે તે પોતાના યુગની પ્રજાને મહાન ભાવના અને ઉલ્લાસ આપનારી બની તે તત્ત્વો આપણે સમજી લઇએ.

આ પ્રદર્શનમાં ઘણાખરા પીઢ કલાકારોએ પોતાની ખાસ કૃતિઓ રજૂ કરી તરુણો પ્રત્યેની પોતાની સાથીદારીનું ભાન કરાવ્યું છે; અને હું આશા રાખું છું કે બીજા અલગ રહેતા વિશેષ પ્રવીણ કલાકારો પણ એ રીતે હવે પછી આ યોજનામાં સામેલ થઇ કલાકારનું જૂથ વધારશે. આ પ્રદર્શનમાં એક આશ્ચર્યકારક ઘટના એ બની છે કે ગયે વર્ષે આ મંડળના રૌપ્ય મહોત્સવ પ્રસંગે રૂ. ૪,૦૦૦ આપીને આપણા માનવંતા પ્રદાતા અને અતિથિ બનેલા શ્રી પ્રમુખલાલ પટેલ આ વખતે એક કલાકારની ભૂમિકામાં એક ચિત્ર અને એક શિલ્પ પ્રદર્શનમાં રજૂ કરીને પોતાની કલાપ્રિયતાનું સચોટ દૃષ્ટાંત આપી શક્યા છે અને એમ મંડળ સાથે એકવાક્યતા સ્થાપી છે. સ્થળ અને વીજળિક પ્રકાશની અનેક અડચણો વટાવીને આ પ્રદર્શનને સફળ બનાવવામાં પ્રદર્શન-સમિતિને અને શ્રી પનવેલકરને જરૂર ધન્યવાદ ઘટે છે એમાં આપ સૌ મારી સાથે સંમત થશો. મંડળ તરફથી આટલું વક્તવ્ય રજૂ કરવાની તક મળી તે માટે હું સર્વે સભ્યોનો ઋણી થયો છું; અને આપ સૌ પધાર્યા છો તે માટે મંડળ તરફથી સૌનો આભાર માનું છું.

'સંસ્કૃતિનાં વિકાસમાં કલાને મહત્ત્વનો ભાગ લીધા વિના ચાલવાનું જ નથી.'

આર્ટ સોસાએટી ઑાવ ઇન્ડિયા

ગયા વર્ષમાં જેનો રજતમહોત્સવ ઉજવાયો તે મુંબાઈની આર્ટ સોસાએટી ઑાવ ઇન્ડિયાની સ્થાપના ઈ. ૧૯૧૮ના એપ્રિલમાં થઈ હતી.

એના મૂળ સંસ્થાપકોમાં મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટના એક કળાશિક્ષક સ્વ. શ્રીમાન ભાઈ રામકૃષ્ણનું નામ ચિરંજીવ બન્યું છે. તેમના ઉત્સાહથી તે સમયના કેટલાક પીઢ કલાકારોએ આ સોસાએટીની સ્થાપના કરી, ભાડાના મકાનમાં એક નાની સરખી લાયબ્રેરી અને બેઠક બનાવી. એ ખાસ કામગરી કરી બતાવવાના તો તેમને જૂજ પ્રસંગો મળેલા, પણ મુખ્ય તો સરકારી કાપકૂપખાતા તરફથી મુંબઇની સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટને બંધ કરવાની દરખાસ્ત આવી ત્યારે આ સોસાએટીના સભ્યોએ આગળ પડી તે બાબતની ઝુંબેશ ઉપાડી અને ચારે તરફ આંદોલન કરી એ શાળાને બચાવી લીધી. ત્યાર પછી સોસાએટીમાં ઘણો વખત નિષ્ક્રિયતા આવી અને તેની મૂડી પણ ખૂટી જવા આવી. પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં તરુણ કલાકારોએ તેનો વહીવટ હાથમાં લઇને બહુ સદ્ધર પાયા ઉપર આણી. હમણાં પાંચેક વર્ષમાં શ્રી વિનાયકરાવ કરમારકરના નિયમન તળે તેની વ્યવસ્થા અને વિકાસ બહુ વૃદ્ધિ પામ્યાં છે. ૧૯૪૧ના જાન્યુઆરી માસમાં આ સોસાએટીના સમારોહથી મુંબઈ ઈલાકા સમસ્તના કલાકારોની પ્રથમ પરિષદ શ્રી રવિશંકર રાવળના પ્રમુખપણા નીચે થઇ હતી. અને તેમાં આપણી કળાસંસ્થાઓ અને કળાશિક્ષણ રાષ્ટ્રીય આદર્શોપર યોજાવાં જોઇએ તથા સરકારી તંત્રમાં પણ દેશના પ્રધાન કલાકારોના અભિપ્રાય અને માર્ગદર્શન સ્વીકારાવાં જોઇએ એવા ઠરાવો થયા હતા.

ગયા વર્ષમાં સોસાએટીએ તેનો ૨૫ વર્ષનો રૌપ્ય મહોત્સવ ઉજવ્યો. તે પ્રસંગના મુખ્ય અતિથિ તરીકે શ્રી પ્રમુખલાલ પટેલે સોસાએટીને રૂ. ૪૦૦૦નું દાન કર્યું ને સોસાએટી વાર્ષિક પ્રદર્શનો ભરે તે સારૂ, મોટી ૨૫ પાંખડી વાળો રૂપાનો કમળથાળ અર્પ્યો. એથી પ્રેરાઇને આ વર્ષે સોસાએટીના સભ્યોએ પહેલું રૌપ્ય મહોત્સવ પ્રદર્શન ભર્યું હતું આ પ્રદર્શનમાં પ્રત્યેક સભ્યને પોતે પસંદ કરેલાં ચિત્રો પૈકી દસની સંખ્યા સુધી રજૂ કરવાનો હક મળ્યો હતો, તેમજ સોસાએટીએ સર્વોત્તમ ચિત્ર માટે રૂ. ૩૦૦નું ગ્રાન્ડ પ્રાઇઝ (મહાપારિતોષિક) જાહેર કર્યું હતું, જે કૃતિઓ રજૂ કરનાર સભ્યોના પ્રત્યેક મતથી નિર્ણિત થયું હતું. આ વર્ષે આ ઈનામ મેળવનાર શ્રી ગજાનન હલદનકર તે મુંબાઈના પ્રખ્યાત કલાકાર શ્રી હલદનકરના સુપુત્ર છે. તે ઉપરાંત સોસાએટીને શેઠ કાબુર તરફથી

કોઇ પ્રવીણ અને યોગ્ય વિદ્યાર્થીને રૂ.૨૦૦ની પ્રવાસી શિષ્યવૃત્તિ જાહેર થઇ છે. શ્રી મહાજન પંડિત નામે એક અભ્યાસ કરતા કલાકારને ખાસ કમિટીએ તે માટે પસંદ કર્યા છે. એ શિષ્યવૃત્તિની મદદથી ઉમેદવારે સોસાએટીની સૂચના પ્રમાણે હિંદનાં ત્રણેક સ્થળની મુલાકાત લઇ સ્કેચ અને અભ્યાસ રજૂ કરવાનાં રહેશે.

આ પ્રદર્શનની બીજી વિશેષતા એ હતી કે મુંબાઈ તેમજ ગુજરાતના કેટલાક શ્રીમંત કલારસિકોએ તેના આશ્રયદાતા બની રૂ. પાંચથી છ હજારની ખરીદીઓ કરી. આથી કલાકારોનો જનતા સાથે સંપર્ક વધ્યો. પ્રદર્શનનું ઉદ્દઘાટન કરતાં ન્યાયમૂર્તિ સર કણિયાએ કહ્યું હતું કે પ્રજામાં કલારસિકતા કેળવવાને શિશુવયથી જ કલાના સંસ્કાર આપવાની અતિશય જરૂર છે અને તે કાર્યને યુનિવર્સિટી તરફથી પ્રતિષ્ઠા મળવી ઘટે છે.

સોસાએટીના ચાલુ વર્ષના પ્રમુખ શ્રી રવિશંકર રાવળે એ સમયે જે પ્રવચન કર્યું હતું તે આ સાથે આપવામાં આવ્યું છે.

આ સોસાયટી આજે રૂ. ૨૧૦૦૦ જેટલું સ્થાયી ફંડ ધરાવે છે. ૧૯૪૩ના જૂન સુધી તેના રૂ. ૫૦૦ ભરનાર ૧૪ પેટ્રન હતા, ૧૦૭ કરતાં વધારે આજીવન સભ્યો હતા ને ૩૭૦ જેટલા અન્ય વર્ગોમાં સભ્યો હતા; અને આ સંખ્યા વધતી જ ચાલે છે. સોસાએટીનો કલાગ્રંથસંગ્રહ સમૃદ્ધ ને ઉપયોગી છે. મંડળ તરફથી અભ્યાસવર્ગો, પર્યટનો, વ્યાખ્યાનો, મુલાકાતો ને વાર્ષિક સમારંભો દ્વારા સામાજિક સંપર્ક અને કલાપ્રચારનાં કાર્યો આખા વર્ષ દરમિયાન ચાલુ રહે છે. વાર્ષિક પ્રદર્શન હવેથી દર વર્ષે ભરવામાં આવશે. તે સાથે શાળાઓ, પરાંઓ અને પ્રાંતની અન્ય કળાસંસ્થાઓ જોડે સહકાર ને પ્રચાર સાધવાની યોજનાઓ વિચારાઈ રહી છે. મુંબઈમાં વસતા કળાપ્રેમીઓ ને કલાર્થીઓ માટે તો આ સંસ્થા એક ઉપયોગી કેન્દ્ર બની રહી છે. તેનું સરનામું સૅન્ડહર્સ્ટ બિલ્ડિંગ, સૅન્ડહર્સ્ટ રોડ, મુંબાઈ–૪, એ પ્રમાણે છે.



સાહિત્યકારો અને કલાકારોનાં ઠઠ્ઠાચિત્રો

આલેખક : વ્યંગકલાકાર 'ચકોર'

વડોદરામા ભરાએલા પંદરમા સાહિત્યસંમેલનને પ્રસંગે, જાણીતા વ્યંગકલાકાર શ્રી 'ચકોરે' આપણા કેટલાક અગ્રણી સાહિત્યકારો તથા કલાકારોનાં ઠઠ્ઠાચિત્રોનો એક નાનો સમૂહ પોતાની અનોખી ઢબે તૈયાર કર્યો છે એમાં એમણે તે તે પ્રત્યેક સાહિત્યકારનાં વિશિષ્ટ મુખલક્ષણો બહુ સચોટરીતે ઉતારવા સાથે તેના આલેખનમાં કૈં કૈં ખૂબીભરી રચનાઓ પણ કરી છે. આ સાથે એ આખો સમૂહ રજૂ કર્યો છે, જે, અમારી ખાતરી છે કે, સાહિત્ય સંમેલનના પ્રદર્શનની માફક આ અંકનું પણ એક ખાસ આકર્ષણ થઈ પડશે.

પ્રત્યેક સાહિત્યકારના ઠઠ્ઠાચિત્ર નીચે જ તે તે વ્યક્તિની લાક્ષણિકતા દર્શાવતું એકેક સંજ્ઞાચિત્ર–પ્રતીક-તેમણે આલેખ્યું છે, જે, તે તે વ્યક્તિઓને ઓળખવામાં મદદ રૂપ થઇ પડશે. આ નીચે અમે ક્રમવાર તેમની ઓળખ તો આપીએ જ છીએ; પરંતુ તે વાંચતાં પહેલાં તમે આપમેળે ઓળખવાનો પ્રયત્ન કરી જોશો તો આનંદ આપશે. ચિત્રો નીચે મૂકેલા ક્રમવાર તેમની ઓળખ નીચે મુજબ: (૧) આ કૉલમને મથાળે: લેડી વિદ્યાબહેન– એમની નીચેની ખુરશી, તેમનું પ્રસ્તુત સંમેલનનું પ્રમુખપદ દર્શાવે છે; (૨) સામેના પાને: શ્રી બલવન્તરાય ઠાકોર: મૂછો, ચશ્મા અને લચી પડેલાં ગલોફાંવાળા એમના ચેહરાની

(અનુસંધાન આગળ પૃ. ૨૭૪મે)

ગુર્જર સંસ્કૃતિના અવશેષો

ગુજરાતનાં પુરાણાં મંદિરો, મૂર્તિઓ, આલેખનો, સિક્કાઓ, શોભનો વગેરેના અવશેષો આપણી પુરાણી સંસ્કૃતિનાં ઘણાં રસમય અને અનેરાં સ્વરૂપો રજૂ કરે છે અને એવી વસ્તુઓને લગતા સરકારી તથા દેશી રાજ્યોના અહેવાલો-વાર્ષિક રીપોર્ટોમાં તેની મોંઘી સામગ્રી મળી આવે છે. પ્રજા જો એમાં રસ લેતી બની શકે તો પોતાના દેશ માટે અભિમાન ને પ્રેમ ઉત્પન્ન કરે એવી ઘણી વાતોનું જ્ઞાન પામે. ઇતિહાસનું અને સમયસમયના લોકવ્યવહારનું સાચું દર્શન પામવાને એ અભ્યાસ અનિવાર્ય ને ઉપયોગી છે.


વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી આ વિષયમાં બહુ ખર્ચ ને મહેનતે દર વર્ષે એમના રાજ્યમાં મળી આવેલા અવશેષોનો સચિત્ર ને માહિતીપૂર્ણ રીપોર્ટ બહાર પાડવામાં આવે છે. તે અંગ્રેજી ભાષામાં હોય છે, પરંતુ એમાંનાં ચિત્રોની સ્વચ્છતા, સુંદરતા ને વિવિધતા ખાતર પણ તેને માટે કરેલો ખર્ચ નકામો નહિ લાગે. હાઈસ્કૂલો-કૉલેજોને લાયબ્રેરીઓમાં તે ઉપયોગી સંગ્રહ બની રહેશે. એ ખાતાનો ઇ.૧૯૩૬–૩૭નો રીપોર્ટ ગુજરાતનાં અનેક પ્રકારનાં સંશોધનોને લગતી સામગ્રી પૂરી પાડે છે. એમાં નીચેની વસ્તુઓ છે: (૧) અમરેલી પ્રાંતના ગોહિલવાડ ટીંબામાંથી મળી આવેલા સમ્રાટ કુમારગુપ્તના સમયના (ઈ. ૪૧૩ના) સિક્કાઓ. ત્યાંથી આ ખાતાને કુલ ૨૦૦૦ સિક્કાઓ મળેલા, જેમાંના ત્રણ રુદ્રસેન બીજાના, એક તેના પુત્ર વિશ્વસિંહનો ને ત્રીજો કયાંયે નહિ મળેલો એવો, રુદ્રસેન ત્રીજાનો છે. વળી એ જ ભૂમિમાંથી પ્રાચીન શંખાભરણો મળી આવ્યાં છે, જેમાંનાં કેટલાંક અખંડ ને સુંદર વેલભરાણીવાળાં છે. (૨) ડભોઈના પ્રાચીન કિલ્લાની સુંદર છબિઓ. (૩) પાટણના સહસ્રલિંગ તળાવની ભૂમિ પરના ખોદકામના વિસ્તારમાંથી મળેલા અવશેષો; રાણી વાવ. (૪) પિલુદ્રા તથા કલોલ વગેરે સ્થળોની પ્રાચીન જૈન મૂર્તિઓ, જે જહાંગીરના સમયના શ્રી વિજયસિંહ સૂરિ વિષે સંવત ૧૬૨૧ની સાલ બતાવે છે;-એ બધા ઉપર મહત્ત્વપૂર્ણ વિવેચના અને વિગતો સાથે. (૫) ઓખામંડળનાં જૂનાં મંદિરોના અવશેષો. (૬) વડોદરા રાજ્યનાં જૂનાં ભીંતચિત્રો વિષેની નોંધો અને રંગીન ચિત્ર-જેની પ્રતિકૃતિ આ અંકના મુખચિત્ર તરીકે આપી છે.

૮॥×૧૧॥ ઇંચના માપના, પ્રમાણભૂત માહિતીથી ભરપૂર, તેમજ ૧૪ મોટી ચિત્રપ્લેટો અને એક રંગીન ચિત્રથી સુશોભિત ચાળીસ પાનાનું આ પુસ્તક તેમાંની ઉપયોગી સામગ્રી જોતાં રૂા. ૨-૯-૦ (પાકુ પૂઠું ૨-૧૫-૦) ની કિંમતે મોંઘું ન કહેવાય. ઇતિહાસપ્રેમીઓ અને કલારસિકોને તે વસાવવા ભલામણ છે.

ર. મ. રા.

સાહિત્યકારો અને કલાકારોનાં ઠઠ્ઠાચિત્રો


(ઓળખ માટે જુઓ સામેનું પાનું)




૨



૩



૪




૫



૬



૭



૮



૯




૧૦

સર ઑરેલ સ્ટાઇન

કે.સી.આઇ.ઈ., પીએચ.ડી., ડી.લિટ., ડી.એસસી., ડી.ઓ.એલ., એફ.બી.એ.

ભૂતકાળની સંસ્કૃતિઓનાં સંશોધન અને તેને માટેની સાહસ-સફરો પાછળ જીવનનો ભેખ લેનાર ત્રિખંડખ્યાત પુરાતત્ત્વવિદ્



મધ્ય એશિયાની શોધખોળના કરતાં વધુ દુષ્કર છતાં વધુ સંમોહજનક સંશોધનકાર્ય બીજું જવલ્લે જ હશે. દૂર-દૂરના એ વણશોધાએલા પ્રદેશોના સંશોધકોનો મોટો ભાગ હંગેરિયન હતો એ પણ નોંધપાત્ર બીના છે. તિબેટ સોમા દ કોરોને આકર્ષેલો, (જુઓ 'કુમાર'ના ૯૭મા અંકમાં આવેલું એનું ચરિત્ર) જ્યારે તુર્કસ્તાને આર્મીનિયસ વામ્બેરીને. પરંતુ સોમાથી વધુ સંસ્કારદીક્ષા પામેલો અને વામ્બેરીથી વધુ વિદ્વત્તાપૂર્ણ એક હંગેરિયન આજ સુધી મધ્ય એશિયાનાં રહસ્યોની પ્રાપ્તિ અર્થે ગથી રહેલો. ઈ. ૧૯૦૩થી બ્રિટિશ નાગરિકત્વ ધરાવી રહેલા એ અદ્‌ભુત સંશોધક સર ઑરેલ સ્ટાઇનનું તા. ૨૬મી ઑક્ટોબરે કાબૂલ મુકામે અવસાન થયું.

સત્તરસો વર્ષથી મધ્ય એશિયાનાં રેતાળ વેરાનોમાં દફનાઈ ગએલી વસાહતો એણે ખોદી કાઢેલી; બે હજાર વર્ષથી ગુમ થએલો ચીનના રેશમનો વાણિજ્યમાર્ગ એણે શોધી કાઢેલો; તિબેટનાં હિમાચ્છાદિત ગિરિશૃંગો એણે ખૂંદી કાઢેલાં અને રોમના સીઝરોના સમયનાં દૃશદ્‌ભૂત બનેલાં દ્રાક્ષોદ્યાનોમાં પણ તેણે વિહાર કરેલો. પાંચ ફૂટ અને ચાર ઇંચની જ ઊંચાઇનો, છતાં આજના વિરાટ યુગ-પુરુષોમાંનો તે એક હતો. એના જીવનની રંગદર્શિતા બીનહરીફ જ રહેલી છે, અને જૂલે વર્ન કે એચ. જી. વેલ્સની અપાર્થિવ કલ્પનાઓ પણ એના જીવનની પાર્થિવ વાસ્તવિકતા સામે ઝાંખી પડી જાય છે

હંગેરિયન માબાપના એ સંતાનનો જન્મ ઇ. ૧૮૬૨માં બુડાપેસ્ટ મુકામે થએલો. ભાષાઓ અને લિપિઓ પ્રત્યેનો તેનો પ્રેમ ડ્રેસડનના શાળા જીવનમાં જ ઝળકી ઊઠેલો, અને પછી બુડાપેસ્ટ, વિયેના ને ટુબિંગેનમાં એ વિકાસ પામ્યો. પૂર્વ વિષેનું જ્ઞાન વધારવા ઇ. ૧૮૯૬માં તે ઑક્સફર્ડ તથા લંડન ગએલો. ત્યાંથી પાછા ફરીને લશ્કરી જીવનનો એક લાંબો ગાળો વિતાવ્યા બાદ તે પાછો ઇંગ્લંડ ગયો અને ત્યાં એશિયાની ભાષાઓ, ઇતિહાસ અને પુરાતત્ત્વનો અભ્યાસ આદર્યો.

આમ એશિયા અને તેનું પુરાતત્ત્વ એ એના જીવનનું ધ્યેય બની રહ્યું. મધ્ય એશિયામાં એણે શોધી કાઢેલી 'સહસ્ર બુદ્ધની ગુફાઓ'-ની એની શોધસફર અદ્વિતીય જ રહી છે. નકશા પર ન ચડેલા એ રેતાળ વેરાનમાં એને અનેક સાહસોનો સામનો કરવો પડેલો. પાણીનું નજીકમાં નજીકનું સ્થાન ત્યાંથી ૧૨ દિવસની મુસાફરી જેટલું આઘું હતું. ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈનાં બરફથી થીજેલાં શિખરો પર એનાં પગનાં આંગળાં ઠરી ગએલાં, અને એ માટેની દાક્તરી સારવારની સગવડ તો એક મહિનાની મુસાફરી માગી લે તેમ હતી. એક ઘાટ પસાર કરતાં ઘોડો લપસી પડયો ને સ્ટાઈનનો એક પગ ખોડંગાઈ ગએલો, ને ત્યારે વસતિથી એ સેંકડો માઇલ દૂર હતો. ઇરાની અખાતના ઉજ્જડ કાંઠા પર મછવાની મુસાફરી માથામેંઘી ગણાય, છતાં એક નાના ખુલ્લા મછવામાં તે એકલો નીકળી પડેલો . . .

આવો હતો એ અદ્‌ભુત સંશોધક. દેખાવામાં એ કદે કંઇક નાનો અને સ્વભાવે શાંત હતો, પરંતુ એની કાળી આંખોમાં એના આત્માનો પ્રભાવ ઝબકી રહેતો અને એના કપોલો પર બાલ્યકાળની સુરખી સદા રમતી રહેતી. ઢળેલાં ભવાં સાથે બુદ્ધિપ્રતિભાની કેડી પાડતી મુખરેખાઓ તથા મૂછના અને મસ્તકના સોનેરી વાળ એની આર્ષ કક્ષાની સાબિતી આપતાં, જ્યારે એનાં દૃઢ જડબાં એની નિશ્ચયાત્મક વૃત્તિની પ્રતીતિરૂપ હતાં.

એને ગળી શકવા બહુ ઓછા લોકો ભાગ્યશાળી નીવડેલા. દુનિયાના કયા ભાગમાં એની રખડપાટો ચાલુ હશે એ કહી શકવું મુશ્કેલ હતું. નકશા પર ન ચડેલા પ્રદેશો નકશા પર અપાવીને જ એ જંપતો. એનું ઘર કયું? કાશ્મીરની એક પહાડી ગુફા! અને એ 'ઘર'માં પણ પોતાના સંશોધનકાર્યનો વૃત્તાંત લખવા પૂરતો જ એ રોકાતો, ૬૦૦૦ માઈલની ઊંચાઇએ આવેલું તેનું એ ઘર કયાં હતું એના ચોક્કસ સ્થાનથી દુનિયા સદા અજાણ રહેતી. શ્રીનગરની નજીકમાં એ કયાંક આવેલું છે એટલો જ તેનો પત્તો જગતને હતો.

બુડાપેસ્ટમાં ભણતી વખતે બૅક્ટ્રીઆના ગ્રીક રાજ્ય વિષે વાંચવામાં આવે, અને તે તુર્કસ્તાનમાં કયાંક ગુમ થયું હોવાની હકીકત એક વિદ્યાર્થીને આવા જહેમતપૂર્ણ કાર્ય પ્રત્યે પ્રેરે એ નવાઇ જેવું નથી? સ્ટાઈનને એ વખતે જાણે અંતરનો અવાજ આવેલો કે, 'જા, ઑક્સસ નદીની દક્ષિણે, પહાડી કંધારોને પેલે પાર એ શોધી કાઢ. એ લુપ્ત સામ્રાજ્ય તારી જ રાહ જોઇ રહ્યું છે.'

અંતરના એ અવાજે ૧૧ જ વર્ષના એ કિશોરની કલ્પનાને સળવળાવી દીધેલી પરંતુ એને લાગ્યું કે પૂર્વ સંબંધેના કશા પણ સંશોધનકાર્ય પહેલાં ભારતીય ભાષાઓનો અભ્યાસ જરૂરી હતો. અને એટલા પરથી ૧૫ વર્ષની વયે તો સંસ્કૃત ભાષાનો અભ્યાસ એણે શરૂ કરી દીધેલો.

સંસ્કૃત તથા જૂની ફારસી ભાષાનું જ્ઞાન મેળવ્યા પછી તેણે હિંદ પ્રત્યે દૃષ્ટિ દોડાવી અને લાહોરની ઓરીએન્ટલ કૉલેજના પ્રિન્સિપાલ તથા સ્થાનિક યુનિવર્સિટીના રજિસ્ટ્રારના સ્થાને તે આવ્યો. અહીં આવીને પુરાતત્ત્વખાતું ખોલવાની તેણે કરેલી વાતને તો અહીંની સરકારે હસી જ કાઢી અને તેને કેળવણીના ક્ષેત્રમાં ધકેલી દીધો.

મધ્ય એશિયાનાં કારમાં રેતાળ મેદાનો અને તિબેટનાં હિમાચ્છાદિત ગિરિશૃંગો ખૂંદીખૂંદીને પુરાતન કાળની સંસ્કૃતિનું મોંઘું જ્ઞાન જગતને શોધી આપનાર આજનો એક વિરાટ યુગપુરુષ

અધ્યાપનની અને કામની ઘરેડ પાછળ તેનો બહુ સમય જતો, છતાં પોતાનું લક્ષ્ય એ નહોતો ચૂક્યો. પોતાની સઘળી સત્રાંત રજાઓ સંશોધન વિષયક રખડપાટોમાં જ એ પૂરી કરતો.

હિંદમાં આવ્યો ત્યારથી કાશ્મીરના પ્રેમમાં તે પડેલો, જે તેના મરણ પર્યંત કાયમ રહેલો. અહીં આવ્યા પછીનાં પ્રથમ દસ વર્ષના અભ્યાસના પરિણામ રૂપે તેણે 'The Chronicle of the Kings of Kashmir' ગ્રંથ બહાર પાડ્યો. આ ગ્રંથે તેની વિદ્વત્તાની પ્રતિષ્ઠા કરી અને હિંદ સરકારે પણ ભારતીય પુરાતત્ત્વ તથા ભાષાઓમાં એને ઉચ્ચ દરજ્જો ઇનાયત કર્યો. ઉપર્યુક્ત ગ્રંથ એ બારમી સદીમાં લખાએલા 'રાજતરંગિણી'નો સટીક અનુવાદ છે.

ત્યાર બાદ તરતમાં જ તેની કારકીર્દિમાં પલટો આવ્યો. ચીનાઇ તુર્કસ્તાનના વતનીઓ પાસેથી હિંદ સરકારને કેટલાક હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથો મળી આવેલા જેમાં મધ્ય એશિયાની પ્રાચીન સંસ્કૃતિનો ઉલ્લેખ હતો. એ ઉપરાંત કેટલી પુરાવસ્તુઓ પણ મળી આવેલી. સ્ટાઇનને થયું, 'અલબત્ત, એ સંસ્કૃતિ રણની રેતીમાં ભંડરાએલી હશે. મારે જઇને તે શોધી કાઢવી જોઇએ!' એણે સરકારની મંજૂરી માગી. સરકારે તે આપી અને સંશોધનકાર્યનું સઘળું ખર્ચ ઉપાડવા ઉપરાંત બાર મહિના સુધી તેને શિક્ષણની ફરજથી મુક્ત કર્યો.

અને આ રીતે, ઈ. ૧૯૦૦માં ૩૮ વર્ષનો ઑરેલ સ્ટાઇન તેની મહાન શોધસફરોમાંની પહેલી સફરે ઊપડ્યો.

તકલામકન રણમાં એણે પદ્ધતિપૂર્વકના ચલાવેલા ખોદકામ પછી, આજથી ૧૭ થી તે ૧૧ સદી પહેલાંના અવશેષો તેને મળી આવ્યા. વિવિધ ભાષાઓમાં લખાએલી કેટલીક હાથપ્રતો પણ મળી અને ભીંતચિત્રોની પણ ભાળ લાગી. પ્રાચીન કાળમાં બૌદ્ધ ધર્મના એ પ્રદેશના અસ્તિત્વ ઉપર આથી અપૂર્વ પ્રકાશ પડી શક્યો. માનવ ઇતિહાસનાં લુપ્ત પ્રકરણોને આ રીતે પ્રકાશમાં આણ્યા બદલ આખા જગતે તેને વધાવી લીધો.

સ્ટાઇને કેટલાક નિષ્ણાત સહકારીઓ રોકીને એ હસ્તપ્રતો ઉકેલી તે પર એક ગ્રંથ રચ્યો. ત્યાર બાદ હિંદ સરકારે ફરી પાછો તેને મધ્ય એશિયાનાં રણોમાં મોકલતાં તેણે બીજા વિશેષ અવશેષો શોધી કાઢ્યા અને તે ઉપરાંત ઇસુની પહેલી સદીમાં ચીનની સરહદનું યોજાએલું સંરક્ષણ પણ શોધી કાઢેલું. એણે લખ્યું છે તે મુજબ મધ્ય એશિયાનાં રણો એ સીરિયા કે અરબસ્તાનનાં રણો જેવાં 'tame deserts' નહિ, પણ 'real deserts' છે એવા પ્રદેશોમાં રઝળી-રઝળીને એણે ખોદી કાઢેલા અવશેષો ને હાથ કરેલ હસ્તપ્રતો, ચિત્રો, ભરતકામ, રચરચીલું, સિક્કા, માટીકામ, જુદાજુદા આલેખો, હથિયારો વગેરે એની અપ્રતિહત સાહસશ્રીની યશકલગી રૂપ છે

ચીનના રેશમનો પ્રાચીન વાણિજ્યમાર્ગ શોધવાનું એણે માથે લીધું. રસ્તામાં પાણી મળે એમ ન હોઇને ઊંટો પર એણે બરફ લાદેલો. અને મોતનો સામનો કરીને પણ છેવટે એણે ૨૦૦૦ વર્ષથી ગુમ થએલો એ માર્ગ શોધી કાઢ્યો.

ઇ. ૧૯૦૦–૦૧ની એની પહેલી સફર ખોતાન અને એના પડોશને લગતી હતી. ઈ. ૧૯૦૬-૦૮ની બીજી સફર એને પહેલાંના કરતાં ઉત્તર તથા પૂર્વમાં વધુ દૂર સુધી લઈ ગએલી. ઈ. ૧૯૧૩-૧૬ માં એ એથી યે આગળ વધેલો અને ત્યાંથી પાછા ફરતાં ઈરાન-અફઘાનિસ્તાનની સરહદ પર એ સંશોધનકાર્યની સમાપ્તિ કરેલી. એ સૌમાં રોમાંચક પ્રસંગ તો ઈ. ૧૯૦૭ના મેમાં સહસ્રબુદ્ધની ગુફામાંથી એને હાથ લાગેલું આખું પુસ્તકાલય છે. અનેક પ્રાચીન ભાષાઓ અને લિપિઓમાં લખાએલાં એ પુસ્તકો ઉપરાંત રેશમ પર ચીતરાએલાં અમૂલ્ય ચિત્રો પણ એને હાથ લાગેલાં. એ એક જ ગુફામાંથી એણે પ્રાપ્ત કરેલી સામગ્રીથી બ્રિટિશ મ્યૂઝિયમના ૨૪ પટારા પુસ્તકોથી તથા પાંચ પટારા ચિત્રોથી ભરાઈ ગયા હતા.

આ ત્રણ ઐતિહાસિક શોધસફરોએ સાબિત કરી આપ્યું કે હિંદનો એ શિક્ષણાધિકારી જગતનો એક મહાન પુરાવિદ્ હતો. ઇ. ૧૯૧૨માં તેને નાઇટહૂડ બક્ષવામાં આવ્યું અને રૉયલ જીઓગ્રાફિક સોસાયટી તથા રૉયલ એશિયાટિક સોસાએટીએ એને સુવર્ણચન્દ્રકો આપ્યા. પોતાની એ ત્રણ મહાન શોધસફરો પર 'Ancient Khotan', 'Serindia', 'Innermost Asia' વગેરે ૧૧ ગ્રંથો એણે લખ્યા છે જે એટલા તો દળદાર છે કે ૧૨ ઘનફૂટ જગ્યા રોકે છે. સંપૂર્ણ ચોક્કસાઇ અને સંયમપૂર્વક લખાએલા એ ગ્રંથો બારીક વિગતો આલેખતા અનેક નકશા તથા અસંખ્ય ચિત્રોથી ભરપૂર છે.

એની ત્રીજી શોધસફરનો અહેવાલ ચાલતો હતો ત્યાં જ સિકંદરની સવારીનો માર્ગ શોધી કાઢવાનો મનસૂબો એણે કર્યો, અને ૬૫ વર્ષની વયે બલુચિસ્તાન તથા સરહદ પ્રાંતના કોઈ ગોરા આદમીએ કદી પગ પણ મૂક્યો ન હોય એવા પ્રદેશો ખૂંદવા માંડ્યા. ઘણાને માટે એટલી પાકી વય એ નિવૃત્તિનો ગણાય, પરંતુ સર ઑરેલને માટે તો ટેનિસનના 'યુલિસિસ'ની માફક—

'Old age hath yet his honour and his toil
Some work of noble note may yet be done.'

એ પંક્તિઓ જ જાણે નિર્માણ થએલી. સિકંદરે ઘેરેલાં અને જીતેલાં અનેક નગરો અને દુર્ગોની એણે ભાળ મેળવી.

ઈ. ૧૯૩૦માં ૬૭ની વય છતાં તે કાશ્મીરની ઉત્તરે ઊપડ્યો. એ પછીની વસંતે એ મધ્ય એશિયામાં પહોંચ્યો, પણ યુદ્ધમાં સંડોવાએલા ચીને તેને સંશોધનની મંજૂરી ન આપી. સઘળી તૈયારી છતાં ઇંગ્લંડ પરનું આક્રમણ છોડી દેવાની ફરજ પડતાં નેપોલિયને જેમ ઑસ્ટર્લિટ્ઝ તરફ કૂચ કરેલી, તેમ સ્ટાઈને, મધ્ય એશિયા પરનું એ નિરધારેલું 'આક્રમણ' મુલતવી રાખી દક્ષિણ ઈરાન તરફ કૂચ કરી.

ત્યારબાદ હિંદ સરકારના પુરાતત્ત્વખાતા તરફથી અરબી સમુદ્રને કાંઠે બલુચિસ્તાન તથા મકરાનમાં તેને સંશોધનકાર્ય સોંપવામાં આવેલું, જેમાં ૩થી ૪ હજાર વર્ષ પહેલાંના અવશેષો એણે શોધી કાઢેલા.

જગતે જેટલું સંમાન આપેલું એના પ્રમાણમાં ભૂતકાળનું અનેકગણું જ્ઞાન જગતને સોંપી જનાર આ શોધસફરીની પ્રેરણાને પહેલવહેલો સળવળાટ આપનાર હતું બૅકટ્રિયાનું સામ્રાજ્ય, છતાં તેનું સંશોધન તો એનાથી અંત લગી ન જ થઇ શક્યું, અને એ જ તેના જીવનનું એક માત્ર દર્દ હતું એમ કહીએ તો ચાલે. એના જ શબ્દોમાં એ દર્દ વ્યક્ત કરીને વિરમવું ઠીક ગણાશે—

'હું કદી બૅકટ્રિયા ન પહોંચી શક્યો! કારણ? તે હિંદ અને રશિયાની વચ્ચે અફઘાનિસ્તાનમાં આવેલું છે, અને રાજકીય સંયોગો ત્યાંના કોઇપણ સંશોધનકાર્યની આડે આવે છે. જોકે એ લુપ્ત સામ્રાજ્યની ચિત્તાકર્ષક કલ્પનાએ જ મારી પુરાસંશોધનવૃત્તિને ઉત્તેજી, છતાં ત્યાં પહોંચવા હું કદી સમર્થ નથી થયો. ૬૦થી યે વધુ વર્ષ થયાં રાહ જોતો રહ્યો, છતાં મારા માટે એ પ્રતિબદ્ધ ભૂમિ જ રહી.'

અશોક હર્ષ

બાથંબાથ... વાઘ સાથે

જે મરવાને તૈયાર થાય છે તેને જીવવાનો માર્ગ ઈશ્વર કાઢી જ આપે છે

મધ્ય પ્રાંતમાં નાગપુર પાસે ચાંદાનું જંગલ છે. જંગલ એ કોઇ પણ પ્રદેશની શોભા છે. વાળ વિનાનું બોડકું માથું નથી શોભતું, તેમ વનરાઈ વિનાનો દેશ પ્રકૃતિલીલાહીન બનીને ઉજ્જડ અને વેરાન ભાસે છે. આપણી બુદ્ધિ સભ્ય બની ત્યારથી વનશ્રીનો નાશ થતો ચાલ્યો. ગુજરાતમાં તો પાવાગઢ–ગિરનારના ડુંગરાળ ભાગ સિવાય બે ઝાડ પણ સાથે જોઇ શકાતાં નથી.

ચાંદાના જંગલમાં હિંસક પ્રાણીઓ ઘણાં છે. જંગલ પણ ઘાડું અને મોટું છે. વાઘના ઉપદ્રવો તો વર્ષમાં ઘણી વાર બન્યા કરે છે. એ જંગલ સોંસરી થઇને એક સડક નીકળે છે. માણસોનો અવરજવર તે પર રહ્યા કરે છે.

વાઘ ઉસ્તાદ પ્રાણી છે. લાંબા દિવસના અનુભવે તે સમજી ગયો છે કે આ સડક માણસોનો રાહ છે. બનતાં સુધી વાઘ માણસોના ટોળા ઉપર હુમલો નથી કરતો. તે સમજે છે કે 'ઝાઝા નબળા લોકથી' વેર કરવામાં હાનિ થવાની. એટલે સડક નજીક લપાઇને બેસી જાય. કોઈ એકલદોકલ દેખે કે તૂટી પડે. આવા બનાવ ઘણા બને છે.

એક દિવસ ચાંદાના એક યુવક વિદ્યાર્થીને એ સડક ઉપરથી જવાનું હતું. જતાં પહેલાં દરેક મુસાફર વાઘના ભયનો ખ્યાલ કરી જ લે છે. પણ વિદ્યાર્થીને ભય જેવું નહોતું. તેને સાઇકલ ઉપર જવાનું હતું. સાધન સરસ હતું. કદાચ વાઘ ભેટી જાશે, તોપણ પોતાને પહોંચી નહિ શકે એવો એને વિશ્વાસ હતો.

આ વિશ્વાસભેર તેણે તો સાઈકલ મારી મૂકી. સપાટાભેર જંગલ પાસે આવી પહોંચ્યો. સાઈકલ એ વર્તમાન જગતમાં ખરેખર એક ઉપયોગી સાધન છે. પ્રજા કોઇ રાજામહારાજાઓની 'જ્યૂબિલી' મને-કમને ઊજવે છે, એના કરતાં સાઈકલના શોધકની જયંતી જરૂર ઊજવવી જોઇએ. બને તો સાઈકલના શોખીનો ફાળો કરીને એના શોધકનું બાવલું મુંબઈમાં 'હિંદદ્વાર' ની સામે જ ઊભું કરે.

યુવાન જંગલમાં પેઠો. એનું ચિત્ત પાવદાન ઉપર જોર લગાવવામાં જ કેન્દ્રિત હતું. બંને બાજુ ઘાટાં ઝાડની જાણે ભીંત. સામે, ધીમેધીમે સાંકડી થઈને દૂર દૂર જોડાઈ જતી સીધી સડક. ઉપર કે પાછળ જોવાની એને ફુરસદ કે સ્વસ્થતા નહોતી. પૂર ઝપાટે સાઈકલ દોડી જતી હતી.

પણ ઉફ! સામે જ વાઘ!!

મસ્ત ચાલે, ઢળેલ માથે, ધીમાં ડગ ભરતો સડક ઉપર ચાલ્યો આવે. સાઇકલ ઉપરથી ઊતરીને પાછા જવા જેટલો વખત નહોતો. બે ફેરા પેંડું ફરે કે વાઘની બગલમાં જ જઇ પડાય! મોતના એ ફિરસ્તાનો સામનો જેવોતેવો નથી. પીંજરામાં પૂરેલા એ પ્રાણીને જોઇને પણ રોમાંચ થઇ આવે છે, ત્યારે અહીં તો સાક્ષાત્કાર હતો!

યુવાનના મનમાં એ વખતે જે ત્વરિત ગડમથલ થઇ હશે તેની કલ્પના કરવા જેવું છે. કેવાં આંદોલનોથી એનું મગજ ભરાઈ ગયું હશે! સાઇકલ આગળ ચલાવીને વાઘની પાસે પહોંચવું એ કેમ બને? એ તો એક દુસ્સાહસ જ કહેવાય. એવું સાહસ કરનારા 'વીર' કે 'જડ' બહુ જ ઓછા.

યુવાન માટે એક જ માર્ગ હતો: સાઇકલ ઉપરથી ઊતરી જઇને પાછા ફરે. તેમ કરવા માટે પૂરતો સમય નહોતો, છતાં તેમ કર્યા વિના છૂટકો પણ નહોતો. વિદ્યાર્થી છાતીધડો હતો. હિમ્મત સંઘરવા જેટલી શક્તિ છાતીમાં હતી. આવે પ્રસંગે ઘણાં કમજોર 'દિલડાં' ઉપાય અજમાવવા જેટલી પોતાનામાં હોય તે શક્તિ પણ ભયના ખ્યાલથી ખોઇ બેસે છે. ડર વ્યાપ્યો કે કાયરતા સવાર થઇ જ છે. ડરને ને એને ભાઇબહેનનો સબંધ. જ્યાં ડર ત્યાં કાયરતા પેસવાની જ. અને એ જ્યાં હોય તો માર પણ ખાવાનો હોવાનો જ.

યુવાનને સાઇકલ ઉપરથી ઊતરી જવાનું વધારે યોગ્ય લાગ્યું. સાઇકલની ગતિ રોકી લીધી. કૂદકો મારીને નીચે ઊતર્યો. પણ જેવો સાઈકલ ફેરવવા જાય, ત્યાં રાહ રોકાયો!

વાઘ આવી પહોંચ્યો. મોંમાં આવેલો કોળિયો છટકી જવા દેવો એ ભૂખથી પીડાતાને કેમ રૂચે? વિદ્યાર્થી સમજી ગયો, કે વાઘદાદા હવે છોડે એમ નથી. શાંત રહીને, નાસતાં કે સામે લડીને પ્રાણ તો ખોવાનો જ છે. એકેય રસ્તે ઊગરવાની તો આશા જ નથી. કાયરને રડીને કે નાસતાંનાસતાં જ જીવ ખોતાં આવડે છે; બળવાન હૃદયના હિમ્મતવાન માણસો સામનો કરીને જ જીવ આપે છે. સહેલાઇથી દુશ્મનને પોતાનો ભોગ આપવો એ પુરુષને ન શોભે.

યુવાને સામનો કરવાનો નિરધાર કરી લીધો. હૈયે હિમ્મત હતી. શરીરમાં જોર ભલે હોય કે ન હોય, પણ હિમ્મત એ સાચું બળ છે.

વાઘ માર્ગ રોકીને સામે આવ્યો કે તરત વિદ્યાર્થીએ સાઈકલ ફેંકી દીધી અને વાઘ સામે મોં કરીને ઊભો રહ્યો. વાઘની પણ ઇચ્છા જાણે દાવ ખેલવાની હોય તેમ લાગ્યું. તેણે ન તો ઉતાવળ કરી કે ન ઝટ હુમલો કર્યો. કુસ્તીનો દાવ ખેલવા પેંતરા લેતો હોય તેમ ધીમેથી સામે આવ્યો. વિદ્યાર્થીને હવે વાઘની બિહામણી કે પાશવી આકૃતિનો ડર નહોતો. એના મનથી તો અત્યારે તે પોતાનો સમોવડિયો કોઈ હરીફ જ હતો.

પાછલે બે પગે શરીર ટેકવીને વાઘે કમાનની માફક શરીર કુદાવી વિદ્યાર્થી પર તરાપ મારી. વિદ્યાર્થીનું જાણે મોં જ ઝડપી લેવું હોય એમ લાગ્યું. પણ જેવો એ અંગ પર આવ્યો કે વિદ્યાર્થીએ દૃઢ બની, ત્વરા ને સ્ફૂર્તિથી તેના ગળાની આસપાસ બંને હાથ વડે સાણસાની માફક ચીપ દીધી. વાઘનું મોં તો છેટે રહી ગયું, પણ એના પંજા પ્રહાર કરવામાં શાના ચૂકે? વિદ્યાર્થીના ખભા અને હાથ ઉપર તેના તીણા નખ ભોંકાઇને ઊઝરડા લેવા લાગ્યા. કોટ ને પહેરણ ફાટી ગયાં અને લોહીના રેલા ચાલ્યા. પણ વિદ્યાર્થી રજમાત્ર ચસ્યો નહિ. તે તો મજબૂત હાથે વાઘનું ગળું પકડીને ઊભો જ રહ્યો. મૂકી દે કે પોતાનું માથું વાઘના મોંમાં ગયું જ હતું!

કુસ્તીનો જાણે દાવ જામ્યો હતો. ન વાઘ પાછો હટે કે ન વિદ્યાર્થી ગળું છોડે. બંને દૃઢ બનીને, પગ ખોડીને, સામસામું જોર દેતા હતા. પણ વાઘને પક્ષે એક વાતનો ફાયદો હતો. પંજા વડે તે વિદ્યાર્થીને ઘાયલ કરતો જતો હતો. વિદ્યાર્થી તો જાણે બધું જ ભૂલી ગયો. પોતે જીવશે કે મરશે એવી એને ચિંતા જ નથી. એ તો દાંત કચકચાવીને ગળું પકડી બેઠો. વાઘ પણ મનમાં સમજતો હશે કે આ માનવી વિચિત્ર મળ્યું!

વિદ્યાર્થીનું શરીર હવે લોહીથી ભીંજાઈ ગયું. આ સ્થિતિ લાંબો વખત ચાલે જ નહિ. વાઘના તીણા નહોર છરીનું કામ કરે છે. તે

વડે પણ માણસને તે ઠાર કરી શકે.

વાઘે હવે દાવ એક્ષી ઓચિંતો ઝટકો માર્યો! વિદ્યાર્થીના હાથ ઢીલા પડ્યા. વાઘનું ગળું છૂટી ગયું ભયંકર દશા થઈ! વાઘ હવે તો ખરેખરો ઉગ્ર બન્યો હતો. તેની આંખમાંથી આગ વરસતી હતી. છૂટ્યો એવો જ ત્રાટક્યો. પણ વિદ્યાર્થીએ વાર બચાવી લીધો. વાઘ કૂદ્યો એવું જ પોતે સ્થાન બદલી નાખ્યું. હટીને બગલમાં જતો રહ્યો. વાઘનો દાવ ખાલી ગયો.

પણ એથી એ છોડે એમ ક્યાં હતો? એણે આ વખતે આક્રમણનું સ્થાન બદલ્યું. વિદ્યાર્થીની જાંઘ પકડી લીધી. પણ સદ્ભાગ્યે ધોતિયાને લીધે ઉપરની ચામડી જ મોંમાં આવી. દાંત ઊંડા ન જઈ શક્યા. વિદ્યાર્થીએ તરત એનું માથું પકડીને ધક્કો માર્યો. પણ વાઘ જેવું પ્રાણી એવા ધક્કાથી હટે? તરત એણે વિદ્યાર્થીના શરીર પર બીજી તરાપ મારી. એમાંથી બચવા વિદ્યાર્થી ઝડપથી પાછો હઠ્યો. પણ પાછળ સડકનો કાંઠો હતો. પગ ઠોકર ખાઈ ગયો. શરીર હાથમાં ન રહ્યું. ધબ દઇને નીચે પડયો!

શિકાર નીચે પડ્યો, હવે વાર શાની? મગન થતાં વાઘે મોટી ફાળ ભરીને શિકાર દબાવવાનો પ્રયત્ન કર્યો. પણ વિદ્યાર્થીએ પડ્યાં પડ્યાં જ, હતું તેટલું બળ કરીને જોર ભેર ઝટકાથી બંને પગની લાત મારી. બરાબર વાઘના મોં ઉપર જ લાત વાગી. એ લાતમાં મરણિયા બનેલા વિદ્યાર્થીનું ખરેખરૂં બળ ઠલવાયું. વાઘ જરા હટી ગયો. તરત જ ચપળતાથી વિદ્યાર્થી ઊભો થઈ ગયો.

એ ઊભો થતાંની સાથે જ વાઘે હવે ઘૂંઘવાઇને હુમલો કર્યો. પહેલાંના જેવી જ સ્થિતિ થઈ. વાઘના બંને પંજા ફરી ખભા ઉપર આવ્યા. વિદ્યાર્થીએ તરત ગળું પકડી લીધું. પણ આ વખતે પકડ જરા બગલમાં આવી. વાઘ વધારે બળ કરે તો મોંને પહોંચી જાય. પંજાના પ્રહાર તો તેણે ચાલુ કરી જ દીધા. લોહીથી હવે વિદ્યાર્થી નીતરવા લાગ્યો. શક્તિ પણ ઓછી થવા લાગી. અંતે વાઘનો જ વિજય થશે એમ લાગ્યું.

એ જ વખતે સંજોગવસાત્ એક મોટર એ રસ્તે નીકળી. પાંચ સાત માણસો નાગપુર તરફ જતાં હતાં. તેમણે વિદ્યાર્થીની વાઘ સાથેની કુસ્તી જોઈ. પાસે આવીને તેમણે મોટર થંભાવી દીધી. પાસે એટલે નજીક નહિ; વાઘને હુમલો કરતાં વાર લાગે એટલે દૂર! વાઘ લડતો હતો વિદ્યાર્થી સાથે, પણ જીવ ઊડી ગયો હશે આ મોટર વાસીઓનો!



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૭]

આજથી ત્રણ કરોડ વરસ ઉપર આપણી પૃથ્વી ઉપર જીવસૃષ્ટિની પહેલી ઉત્પત્તિ થવા માંડી ત્યારથી લઇને તે જે ક્રમમાં વિકસીને આજના સ્વરૂપે પહોંચી ત્યાંસુધીના ક્રમવિકાસના જુદાજુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડ્યા છે. એમાં ગયા હપતામાં આપણે, આજથી ત્રીસ લાખ વરસ ઉપર થએલા ઇઓસીન યુગ નામના નવમા યુગ સુધીનો પરિચય કર્યો તે એમાંનાં પ્રાણીઓએ ધીમેધીમે વિકસતાં જઇને જે નવો પલટો લીધો તેનું સ્વરૂપ, આજથી લગભગ બાર લાખ વરસ પરના માયોસીન યુગમાં કેવું હતું તે આ ચિત્રમાં બતાવ્યું છે.

એ યુગ બેસતાંબેસતાંમાં તો પૃથ્વીની હવા સારીપેઠે ઠંડી પડી ગઈ હતી અને તેના પર રંગબેરંગી ફૂલોના છોડ પણ પ્રગટવા લાગ્યા હતા. આ યુગનું મુખ્ય પ્રાણી તે તલવાર જેવા દંતૂશળ વાળા વાઘ. જિરાફ હજી પ્રગટ્યા ન હતા, પણ જિરાફ જેવી લાંબી ડોકવાળા ઊંટ અસ્તિત્વમાં આવ્યાં હતાં (જુઓ ઉપલે ડાબે ખૂણે). હાથીકૂળનાં પ્રાણીઓ હવે આજના હાથીને મળતું સ્વરૂપ લેતાં જતાં હતાં; તેમની સૂંઢ લાંબી થતી જતી હતી અને તેમાંના ટેટ્રાબેલોડોન નામના હાથીને તો તેના લાંબા નીચલા જડબામાં વધારાના દંતૂશળ હતા (ઉપલે ડાબે ખૂણે). આજના સસલા જેવું, પણ કદમાં તેનાથી ઘણું મોટું, એવું ટૅાકસોડન્ટ નામનું પ્રાણી પણ પ્રકટ્યું હતું (નીચલે ડાબે ખૂણે). માનવીના આદિ વડવા વાનરો આ યુગમાં પ્રકટવા માંડ્યા. અને એમાંની પ્લાયોપિથિકસ નામની જાત આજના ગિબન વાંદરાને મળતી જ હતી. આજના બગલાને મળતાં પક્ષી પણ આ યુગમાં નવાં પ્રકટ્યાં.

હવે છેલ્લા યુગની વાત આવતા અંકે.

(COURTESY : WORLD OF WONDER)

‘કુમાર’ના ગ્રાહકો અને હિતચિંતકોને

જણાવતાં અમને આનંદ થાય છે કે કુમાર કાર્યાલયને લિમિટેડ કરવાની યોજના માટે મધ્યસ્થ સરકારની મંજૂરીની જરૂર હતી તે મળી ગઈ છે અને એ દિશામાં અમે કામકાજ ફરી ચાલુ કરી દીધું છે. એટલે એ યોજનામાં ભાગ લેવા ઇચ્છતા જે જે ‘કુમાર’પ્રેમીઓ મજકુર મંજૂરીને અભાવે આજ સુધી રાહ જોઈ રહ્યા હોય તેમને તેમાં પોતાનો હિસ્સો પુરાવવા વિનતિ છે.

કોની હિમ્મત કે વિદ્યાર્થીની મદદે જાય?

પણ એક વાનું તો થાય; અને તે બૂમો પાડવાનું. ઘણી વખત ભયથી પણ બૂમો પડાઈ જાય છે. ગમે તેમ, પણ મોટરવાળાઓ જોરથી બૂમો અને હાકોટા પાડવા લાગ્યા. ભૂંગળાં ઉપરાંત, મોટરના યંત્રનો ચિત્રવિચિત્ર ઘોંઘાટ પણ વધારી દીધો અને એકઝૉસ્ટ પાઇપના ધડાકા કરવા માંડ્યા.

આ એકસામટા ઘોંઘાટ, બંદૂક જેવા ધડાકા અને હાકોટા સાંભળ્યા પછી, શિકારના લોભમાં પોતાના જીવ ઉપર આફત વહોરી લેવાની ભૂલ વાઘ જેવો ડાહ્યો જીવ કરે નહિ. વિદ્યાર્થીને છોડી એ પલાયન કરી ગયો. પાછળ નજર કરવા યે રોકાયો નહિ.

મોટર નજીક આવી. વિદ્યાર્થી લોહીલોહાણ થઇ ગયો હતો. તેની બધી શક્તિ ખરચાઇ ગઈ હતી.

મોટરમાં તેને નાગપુર લઇ ગયા અને તરત જ સારવાર માટે દવાખાનામાં દાખલ કર્યો.

૧૯૩૫ના જુલાઈ મહિનાની આ વાત.

જીવરામ જોષી

ઠઠ્ઠાચિત્રોની સમજણ

(અનુસંધાન પાછળ પૃ. ૨૬૮થી)

લાક્ષણિકતા સ્પષ્ટ ઓળખાય છે.–આધુનિક કવિતા યુગમાં પૃથ્વી છંદના પ્રવર્તાવનાર લેખે નીચે પૃથ્વીનું ચિહ્ન; (૩) કાકાસાહેબ કાલેલકર—નિસર્ગવિહારનું સૌન્દર્ય ભોગવનાર અને પાનાર સાહિત્યકાર અને ચિંતક; (૪) શ્રી કનૈયાલાલ મુનશી, જેમના આલેખનમાં (એમના નાકની દાંડીથી શરૂ થઇને ટોપીની પાછળ સુધી) એમના નામાક્ષરો ‘મુનશી’ વડે જ એમની લક્ષણમુદ્રા ઉઠાવી છે.–નીચે; ગુજરાતની અસ્મિતાનું દ્યોતક એમના માસિક ‘ગુજરાત’ પર આવતું હતું તે એમણે યોજેલું સંજ્ઞાચિત્ર; (૫) શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક: એમના ઉપનામ ‘શેષ’ને અનુલક્ષીને સાપોલિયા જેવા વળાક લેતી એક જ રેખાથી એમની મુદ્રા આલેખી છે;–નીચે ‘સ્વૈરવિહારી’ ‘શેષ’ની સંજ્ઞા; (૬) શ્રી ‘ધૂમકેતુ’ (ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી), જેમના માથાના અને મૂછના વાળમાં ખુલ્લી પડેલી ચોપડીનું, દાઢી તથા નાકમાં ખડિયા અને કલમનું, તથા એમની લાક્ષણિક ઢબે ચડેલી રહેતી ભમર નીચે વળ ખાયેલા ધૂમકેતુ તારકનું આલેખન કરીને એમની મુદ્રા ઉઠાવી છે;–નીચે ‘તણખા’–એમની કીર્તિદા બનેલા એમના વાર્તાસંગ્રહોનું સૂચન; (૭) શ્રી ઝવેરચંદ મેઘાણી, જેમની આંખો, ઝુલ્ફાં અને પાઘડી એમને એકજ વખત જોનારના મનમાં પણ સચોટ છાપ આંકી દે છે;–નીચે મૂકેલો પાળિયો અને ધૂપદાન, તે એમણે સંશોધીને સજીવ કરેલી કાઠિયાવાડની શૌર્યકથાઓ અને લોકસાહિત્યનાં દ્યોતક છે; (૮) શ્રી રવિશંકર રાવળ–એમના નામાક્ષરો ર. મ. રા. વડે એમના ચહેરાની વિશિષ્ટતા આંકી છે; એમના હમેશના ઉભા કૉલરને ખૂબીથી ચિત્રકારની પૅલૅટનું રૂપ આપીને માંહે પીંછી ખોસી એમના કલાકાર હોવાની સંજ્ઞા મૂકી છે;—ઉપરાંત, નીચેના પ્રતીકમાં પણ, પદ્મધારી હાથ એ ગુજરાતના જીવનમાં એમણે આણેલા કલાના પુનરુજ્જીવનનું સૂચક છે; ઘોડેસવારના ધ્વજવાળો કલમના આકારનો ભાલો એ ‘કુમાર’ માસિકની એમની પ્રવૃત્તિનો સૂચક છે; (૯) શ્રી કનુ દેસાઇ: કલ્પનાઓભર્યું મોટું મસ્તક ધારી રહેલું નાજુક ગળું અને અણિયાળી ચિબુક, લહેકાદાર વળાકને ટેડી ટોપી વડે ઓળખાતા એ કલાકારની નીચે એમનાં આલેખનોમાં સદા હાજર જણાતાં સુશોભનો કમળ અને દીપક; (૧૦) શ્રી રસિકલાલ પરીખ (કલાકાર)ને એકજ વાર જોનાર એમના કપાળ પરથી લહેકા સાથે પડતી વાળની લટોની લાક્ષણિકતાથી એમને તરત ઓળખી કાઢશે; એમનાં ચિત્રો નીચે જોવામાં આવતી ત્રિકોણની સંજ્ઞા એમનાં ભવાં અને આંખની રચનાથી દર્શાવી છે;–નીચે પીંછીમાં લટકતું પાણીનું કૂંડું અને તે પર બેસવા આવતું પંખી એ એમનાં ઘણાંખરાં ચિત્રોમાં નજરે પડતાં હોવાથી એમના સૂચક ચિહ્ન તરીકે આલેખ્યાં છે.

ફાઉન્ટનપેનની બ્લ્યુબ્લૅક શાહી બનાવવાની રીત

[અનુસંધાન આગળ પૃ. ૨૭૭થી] ક્રિયા થઇને એક નવો જ પદાર્થ–આયર્ન ટૅનેટ બનશે. એનો રંગ પ્રથમ ઝાંખો વાદળી હશે, પણ જેમ જેમ હવાની તેના ઉપર અસર થતી જશે તેમતેમ દ્રાવણ કાળું થતું જશે. આ પ્રસંગે જો દ્રાવણમાં તેજાબ નાખેલો ન હોય તો આયર્ન ટૅનેટનાં રજકણ થઈ જાય અને તેથી શાહી બને નહિ.

હીરાકશીનું દ્રાવણ નાખ્યા પછી એમાં ફીનૉલ કે આકરો દેશી દારૂ ઉમેરો. આ દ્રાવણને ઓછામાં ઓછું પંદર દિવસ રહેવા દો, જેથી બધું દ્રાવણ કાળું થઈ જશે. ત્યાર બાદ કોઇ સ્વચ્છ કપડાને ચારપાંચ પડવાળું કરીને એમાંથી દ્રાવણ ગાળી નાખો. દ્રાવણમાં થોડાં રજકણ જતાં હોય તો એ ફરીથી ગાળી નાખવું હિતાવહ છે.


આ ગાળેલા દ્રાવણમાં ઍસિડવર્ગનો વાદળી રંગ પાણીમાં ઓગાળીને ઉમેરો ને પછી બરાબર હલાવો, એટલે શાહી તૈયાર થશે. શાહી લખતી વખતે પેન ઉપર જામી જતી હોય તો થોડું ફીનૉલ કે દારૂ વધારે નાખવો. ઉપરના દ્રાવણમાં રંગ નાખ્યા પછી એટલે કે શાહી બનાવ્યા પછી એ દસ દિવસ બાદ વાપરવાથી, કહી શકાય એવી બ્લ્યુબ્લૅક શાહી બનશે. ઉપરનાં પ્રમાણો લઇને જો ૨॥ શેર શાહી બનાવવી હોય તો ખર્ચ બાર આનાથી એક રૂ. સુધીનું આવશે, જ્યારે બજારમાંથી આટલી જ શાહીના રૂ. દશ રોકડા પડે. **ગોરધનભાઈ હા. પટેલ**

કસોટી

સામાન્ય જ્ઞાનની અને બુદ્ધિની કસોટી કરતા આ નીચેના પ્રશ્નોના ઉત્તર આ પૃષ્ઠને છેડે આપેલા છે; પરંતુ ત્યાં તે શોધવા માટે ઉતાવળ કરતાં પહેલાં તમારી પોતાની મેળે તેના ઉકેલ શોધવા મહેનત કરશો, તો તમે કેટલા ટકા સફળ થઈ શકો છો તેનું માપ જાણી શકશો.

(૧) મારી ઉમર, મારાથી ચાર વર્ષ મોટા ભાઇની ઉમરના ચાર ગણા તથા મારાથી ચાર વર્ષ નાના ભાઈની ઉમરના ચારગણા વચ્ચે જે તફાવત આવે એટલી છે. તો મારી ઉમર કેટલી ?

(૨) પાણી ભરેલી એક કૂંડીમાં લાકડાની નાની રમકડાની હોડી તરે છે; એ હોડીમાં એક લોઢાનું વજન પણ મૂકેલું છે. હવે એ વજન હોડીમાંથી કાઢીને જો પાણીમાં મૂકીએ તો પાણી ઊંચે ચડે, સરખી સપાટીએ રહે કે તેની સપાટી ઘટે.



(૩) આ કુકડીનાં ઇંડાં વેરવીખેર પડેલાં છે તેના ઉપરથી પસાર થતી એવી ત્રણ સીધી લીટી દોરો કે જે દરેક ઇંડામાં થઇને પસાર થાય.

(૪) હિંદુસ્તાનમાં સિક્કાઓનું ચલણ પરદેશીઓએ દાખલ કર્યું હોય તો કોણે? ગ્રીકોએ? ઇરાનીઓએ? ચીનાઓએ? કોઇએ નહિ?

(૫) ત્રણ બિલાડી ત્રણ મિનિટમાં ત્રણ ઉંદર મારે, તો ૧૦૦ બિલાડીને ૧૦૦ ઉંદર મારતાં કેટલો વખત લાગે?

(૬) એક સંશોધકે કહ્યું કે તેને મળેલા એક પુરાણા સિક્કા ઉપર ઈ. સ. પૂર્વે ૬૪૩ એવું કોતરેલું હતું. એ સાચી વાત હશે કે ખોટી?

૧૯૪૪નું કૅલેન્ડર મોઢે

કોઈ પણ આખા વર્ષનું કૅલેન્ડર મોઢે રાખવાનો ઉપાય એ છે કે તે વર્ષના બાર મહિનામાંના દરેક મહિનાની પહેલી તારીખે કયો વાર આવે છે તે યાદ રાખવું.

૧૯૪૪ના બાર મહિનાની બાર પહેલી તારીખોના બાર વાર યાદ રાખવામાં મદદરૂપ થાય એવાં બે ખોખાં (Formula) આ નીચે આપ્યાં છે:

(૧) શનાજી મંત્રીથી બુદ્ધા, શનાજી સોમના ગુરુ,
શરા, રવિભા બુદ્ધિના શરા, શનાજી મંત્રીથી.

(૨)

```
      ૭ ૩ ૪
      ૭ ૨ ૫
      ૭ ૩ ૬
      ૧ ૪ ૬
    ---------
    ૨ ૩ ૪ ૧
    ---------
      ૩ ૯૭
    ---------
    ૧ ૯ ૪ ૪
```

આમાંનું પહેલું ખોખું વધારે સારૂં છે, કારણ કે એક તો તે પદ્યમાં હોવાથી ઝટ મોઢે થઈ જશે; અને બીજું, તેમાં દરેક મહિનાનો પહેલો વાર તરત સૂચવાય છે. આ શ્લોકમાં બાર શબ્દ છે અને તે દરેક શબ્દ ૧૯૪૪ના જાન્યુઆરીથી માંડી ડીસેમ્બર સુધીના દરેક મહિનાની પહેલી તારીખે આવતા વારને મળતું નામ સૂચવે છે.

બીજા ખોખામાં, એ જ પ્રમાણે ૭૩૪ વગેરે પહેલા બાર આંકડા બાર મહિનાની પહેલી તારીખના વારનો નંબર સૂચવે છે. (૧=રવિ, ૨=સોમ, ૩=મંગળ એમ શનિ સુધી.) જેમને આંકડાઓ ઝટ યાદ રહેતા હોય તેમને આ ખોખું અનુકૂળ પડશે.

કોઈ પણ વ્યક્તિ પોતાને માટે પોતાનું સ્વતંત્ર ખોખું પણ આ પ્રમાણે બનાવી શકે.

—'કૅલેન્ડરકાર'

વિકસતું વિજ્ઞાન

વૉશિંગ્ટનથી સમાચાર મળ્યા છે કે યુદ્ધ પછી રેડિયોના એવા વિશિષ્ટ પ્રકારના ટચુકડા સેટ તૈયાર કરવામાં આવશે જે અંધોના શરીર પર બાંધી શકાય. અને તેઓ બહાર જાય ત્યારે તેની સ્વિચ ચાલુ કરતાં, તેમાંથી નીકળનાર સંગીત જેવો સૂર તેમને ખબર આપ્યા કરશે કે તેઓ કોઇક ચીજની પાસે પહોંચનાર છે તેથી તેઓ બચીને ચાલે!

પરંતુ અમેરિકાના રેડિયો ડિપાર્ટમેન્ટના વડા મિ. રે એલ્સના બયાન મુજબ યુદ્ધ પછી રેડિયો દ્વારા સૌથી વધારે અને મહત્ત્વની સેવા તો વાયુમાં લેવામાં આવશે. આજે વાયુમાં અથડાવાથી જે ઘટનાઓ અને અકસ્માતો બનવા પામે છે, તે આ નવા પ્રબંધથી મહદ્ અંશે અટકી જશે.


યુદ્ધ પછી જનતાના ઉપયોગ માટે એક હવાઇગાડી (Aerocar) બનાવવાનું વિચારવામાં આવ્યું છે, જે રાજમાર્ગો પર કલાકના સિત્તેર માઇલની ગતિથી દોડશે, અને ટ્રાફિકકંટ્રોલરો ઉપર ઘૃણાત્મક દૃષ્ટિ નાંખતી કલાકના સો માઈલની ગતિથી હવામાં ઊડશે! હવાઇ જહાજોની ડિઝાઇન બનાવનાર મશહુર કારીગર મિ. વિલિયમ સ્ટુવર્ટ કહે છે કે આ હવાઇ-ગાડીમાં ત્રણ મુસાફરો બેસી શકશે, અને એનું વજન સુમારે પંદર સો પાઉન્ડ એટલે હાલની પ્રચલિત હલકી મોટરો કરતાં અર્ધું જ હશે. તેની પાછળ જે ધકેલનાર યંત્રનો ભાગ (કિંવા પ્રોપલર અથવા પંખો) લાગેલો હશે, તે સડક ને વાયુ, બંનેમાં આ ગાડીને ચલાવશે. જ્યારે આ ગાડીને જમીનથી અધ્ધર આકાશમાં લઇ જવી હોય ત્યારે ડ્રાઈવર એના પાંત્રીસ ફૂટના એલાહેદા થનારા પડખાં નિયુક્ત સ્થાને સાંકળી દેશે, એટલે એ જ ગાડી જે જમીન પર ત્વરિત ગતિથી દોડતી હશે, તે જોતજોતાંમાં હવામાં ફર્રાટા ભરવા માંડશે.

મિ સ્ટુવર્ટના કહેવા પ્રમાણે બીજાં હવાઈ જહાજોમાં પણ એવા યાંત્રિક ભાગો લગાડવામાં આવશે, કે જ્યારે આવશ્યકતા પડે ત્યારે તેને હવામાંથી ઉતારી મોટરકારનું કામ લઈ શકાય. એનું રૂપ સ્વરૂપ પણ ઉક્ત હવાઇ ગાડી સમું જ રહેશે.

ઈ. સ. દ.

કસોટીના જવાબ

(૧) ૩૨; (૨) સપાટી ઘટે; કારણ કે વજન જયારે હોડીની અંદર હતું ત્યારે પોતાના 'વજન' જેટલા પાણીની જગ્યા રોકતું હતું, પણ પાણીની અંદર મૂકયું ત્યારે પોતાના 'કદ' જેટલી જગ્યા રોકવા લાગ્યું. કદ ઓછું જ હોય, તેથી સપાટી નીચી ઊતરે. (૩) બાજુની આકૃતિ મુજબ;



(૪) કોઇ પરદેશીએ ચાલુ નહિ કરેલું; ભારતવાસીઓએ પોતે જ તેનો આવિષ્કાર કરેલો; (૫) ત્રણ જ મિનિટ; (૬) ખોટી; કારણ કે ઇસવી સનની સાલ શરૂ થયા પહેલાં એનું નામ પણ કોણ જાણતું હોય કે 'ઈ.સ.પૂર્વે' લખે? સનનું નામ તો પાછળથી પડયું હોય.

ખોટું સ્વર્ગ



[રવીન્દ્રનાથ ઠાકુર]

એ માણસ તદ્દન બેકાર હતો.

તેને કૈં પણ કામ નહોતું; માત્ર જાતજાતના શોખ હતા.

લાકડાના નાના ચોકઠા પર માટી ઢાળી તેના પર છીપલાંઓની એ સજાવટ કરતો. દૂરથી જોઇએ તો લાગે કે જાણે એક ગાંડીઘેલી છબિ છે, તેની અંદર પંખીનું ટોળું છે; અથવા જાણે ખાડાટેકરાવાળું ખેતર છે, ત્યાં ગાયો ચરે છે; અથવા ઊંચોનીચો પહાડ છે, તેના પર થઈને પેલું ઝરણું વહેતું હશે, અથવા પગરસ્તો યે હોય.

ઘરના લોકો આગળ તેની શરમનો કૈં પાર નહોતો. કોઇકોઇ વાર તે પ્રતિજ્ઞા લેતો કે ગાંડપણ છોડી દઈશ, પણ ગાંડપણ તેને છોડતું નહિ!

૨

કોઇકોઇ છોકરાઓ એવા હોય છે જે આખું યે વર્ષ રખડે અને છતાં ય પરીક્ષામાં અમસ્તા જ પાસ થઈ જાય. આની પણ એવી જ દશા થઇ.

આખું યે જીવન કામકાજ વિના ગયું અને છતાં ય મૃત્યુ બાદ ખબર મળ્યાં કે તેનું સ્વર્ગે જવાનું મંજૂર થઈ ગયું છે.

પરંતુ વિધિ સ્વર્ગને રસ્તે ય મનુષ્યનો સાથ છોડતી નથી. દૂતો ભૂલથી તેને કામગરા લોકોના સ્વર્ગમાં મૂકી આવ્યા!

આ સ્વર્ગમાં બધું જ છે, કેવળ ફુરસદ નથી. અહીંઆં પુરુષો કહે છે, 'શ્વાસ લેવાનો ય વખત ક્યાં છે?' સ્ત્રીઓ કહે છે, 'જાઉં છું બાઈ, કેટલું ય કામ હજુ પડ્યું છે.' બધા ય કહે છે, 'સમયનું મૂલ્ય છે.' કોઈ એમ નથી કહેતું કે 'સમય અમૂલ્ય છે.'

'હવે તો નથી થતું' એમ કહી બધા ફરિયાદ કરે છે, અને ભારે ખુશી થાય છે. 'કામ કરીકરીને હેરાન થઇ ગયા' એવી ફરિયાદ એ જ ત્યાંનું સંગીત છે.

એ બીચારાને ક્યાં ય જગ્યા મળતી નથી; ક્યાંય એનો મેળ ખાતો નથી. રસ્તામાં અન્યમનસ્ક થઇને ચાલે છે તેથી કામગરા લોકોનો રસ્તો રોકાય છે. ચાદર પાથરીને જ્યાંજ્યાં આરામથી બેસવા જાય છે, ત્યાંત્યાં કોઈ સંભળાવે છે કે તે જ જગ્યાએ ધાનનું ખેતર છે અને બી વવાઈ ગયાં છે. તેને વારે ઊઠી જવું પડે છે, ચાલ્યા જવું પડે છે.

૩

એક ભારે ધાંધી સ્ત્રી સ્વર્ગના ઝરણામાંથી રોજ પાણી ભરવા આવે છે.

રસ્તા પર થઇને તે ચાલી જાય છે,-જાણે સિતારની દ્રુત તાલની ગત ન હોય!

ઉતાવળમાં તેણે છૂટી ગએલો અંબોડો બાંધી લીધો છે; તો યે બેચાર છૂટી લટો કપાળ ઉપર ઝૂકીને તેની આંખોની કાળી કીકી જોવા માટે ડોકાય છે.

સ્વર્ગનો એ બેકાર માણસ એક બાજુએ ઊભો હતો,—ચંચલ ઝરણાને કાંઠે તમાલ વૃક્ષની જેમ સ્થિર થઇને.

બારીમાંથી ભિખારીને જોઇને રાજકન્યાને જેમ દયા આવે છે, તેમ જ અને જોઇને પેલી સ્ત્રીને દયા આવી:

'અરે રે, તારે કશું કામ નથી કે શું?'

નિસાસો નાખીને બેકારે કહ્યું, 'કામ કરવાનો વખત નથી.'

પેલી સ્ત્રી એની વાત જરા ય સમજી શકી નહિ. કહ્યું, 'મારી પાસેથી કાંઈ કામ જોઇએ છે?'

બેકારે કહ્યું, 'તમારી પાસેથી કામ લેવા માટે જ તો ઊભો છું.'

'શું કામ દઉં?'

'તું જે ઘડો કાંખે રાખીને પાણી ભરી લઈ જાય છે, તેમાંનો એક જો મને આપે ને—'

'ઘડો લઇને શું કરવું છે? પાણી ભરવું છે?'

'ના, હું તેના પર ચીતરામણ કરીશ?'

સ્ત્રી ખીજાઇને બોલી, 'મને વખત નથી, હું તો આ ચાલી.'

પણ બેકાર લોકોને કામગરા લોકો કેમ પહોંચી શકે? રોજ એમનો ઝરણાને કાંઠે ભેટો થાય, ને રોજ એક જ વાત: 'તારી કાંખે છે તે ઘડો દે, તેના પર ચીતરવું છે.'

હાર માનવી પડી; ઘડો દેવો પડ્યો.

તેની ફરતે બેકાર ચીતરવા લાગ્યો: કેટલા ય રંગના પાક, ને કેટલી ય રેખાઓવાળાં ઘર.

ચીતરવાનું પૂરૂં થયું એટલે પેલી સ્ત્રીએ ઘડો લઇને ફેરવીફેરવીને જોયું. ભવાં ચડાવીને પૂછ્યું, 'આનો અર્થ?'

બેકાર માણસે કહ્યું, 'એનો કાંઈ જ અર્થ નથી.' ઘડો લઇને સ્ત્રી ઘેર ગઇ.

બધાયની નજરથી દૂર બેસીને તે જુદાજુદા તેજમાં અનેક રીતે આડો અવળો ફેરવીને જોવા લાગી.

રાત્રે રહીરહીને પથારી છોડીને, દીવો કરીને, ચૂપકીદીથી બેસીને તે ચિત્ર જોવા લાગી. તેની ઉમરમાં આજ તેણે પ્રથમ એવું કૈંક જોયું જેનો કૈં અર્થ જ ન હોય!

બીજે દિવસે જ્યારે તે ઝરણાકાંઠે આવી ત્યારે તેના બે પગની એકાગ્રતામાં જાણે કૈંક ભંગ પડી ગયો છે. બંને પગો જાણે ચાલતાચાલતાં અન્યમના થઇને વિચારે છે. જે વિચારે છે તેનો કાંઈ અર્થ નથી.

તે દિવસે પણ બેકાર માણસ એક બાજુએ ઊભો હતો.

પેલી સ્ત્રી બોલી, 'શું જોઈએ છે?'

'તારી પાસેથી હજુ કામ જોઇએ છે.'

'કયું કામ દઉં?'

'જો રાજી હો તો રંગીન સૂતરને વણીવણીને તારી વેણી બાંધવાની દોરી તૈયાર કરી દઉં.'

'એથી શો લાભ?'

'કંઈ જ નહિ.'

જુદાજુદા રંગની, ભાતભાતની કારીગરીવાળી દોરી તૈયાર થઇ. હવેથી અરીસો હાથમાં રાખીને વેણી બાંધતાં એ સ્ત્રીને ખૂબ વખત લાગે છે. કામ પડી રહે છે, વખત વહી જાય છે.

૪

અહીં જોતજોતાંમાં કામગરા સ્વર્ગના કામમાં મોટું અંતર પડવા લાગ્યું. રૂદનથી અને ગીતથી એ અંતર ભરાઇ ગયું.

સ્વર્ગના પીઢ લોકો ખૂબ ચિન્તામાં પડી ગયા. સભા બોલાવી. તેઓએ કહ્યું, 'અહીંના ઇતિહાસમાં કોઈ વાર આવું બન્યું નથી.'

સ્વર્ગના દૂતે આવી અપરાધનો સ્વીકાર કર્યો. તેણે કહ્યું 'હું ખોટા માણસને ખોટા સ્વર્ગમાં લાવ્યો છું.'

તે ખોટા માણસને સભામાં બોલાવવામાં આવ્યો. તેનો રંગીન સાફો અને કમરબંધની શોભા જોઇને જ બધા સમજી ગયા કે ગજબનાક ભૂલ થઈ છે!

સભાપતિએ તેને કહ્યું, 'તારે પૃથ્વીમાં પાછા જવું પડશે.'

તે તેની રંગીન થેલી અને પીંછીને કમ્મરે ખોસી છુટકારાનો દમ મેલીને બોલ્યો, 'તો આ ચાલ્યો.'

પેલી સ્ત્રી આવીને બોલી, 'હું યે જઈશ.'

બુઢ્ઢા સભાપતિ કોણ જાણે કેમ અન્યમનસ્ક થઇ ગયા. આ તેમણે પહેલી જ વાર એવી એક વાત જોઇ જેનો કશો અર્થ નહોતો!

અનુવાદક: **વિનોદ કોઠારી**

ઊંઘ વિષે અવનવું

કેવી રીતે લેવી
કેટલી લેવી
કેવી લેવી
ક્યાં લેવી

માતાના જેવી મીઠી ગોદનો અનુભવ કરાવતી ઊંઘ પ્રાણીજીવનને કુદરતની કદાચ શ્રેષ્ઠ બક્ષિશ છે. એ ગોદના સમાશ્રય વિના દિવસભરના શ્રમને નિવારી તાઝગી ને સ્ફૂર્તિ મેળવવાનો બીજો એકે રસ્તો નથી. છતાં ઊંઘમાંથી ઊઠ્યા પછી પ્રફુલ્લ નૈસર્ગિક સ્ફૂર્તિ આપણામાંથી કેટલાને જણાય છે?

ચાલો ત્યારે, ઊંઘનાં એક પછી એક અંગો આપણે વિચારીએ.

પહેલું તો, આપણે માનીએ છીએ તેમ, ઊંઘને કલાકો સાથે મુદ્દલ સંબંધ નથી. નાનાં બાળકોને ઊંઘ વધુ પ્રમાણમાં જોઇએ છે અને જુવાનો કરતાં ઘરડાઓને તે બહુ ઓછી જોઇએ છે. એના પ્રમાણની સામાન્ય તાલિકા આ સામે આપી છે.

જન્મથી ૬ અઠવાડિયાં સુધીની ઉમરના માટે			૧૭	કલાક
૬ અઠવાડિયાંથી	૬ મહિના	,,	૧૫½	,,
૬ મહિનાથી	૨ વરસ	,,	૧૪⅛	,,
૨ વરસથી	૪ વરસ	,,	૧૩½	,,
૪ વરસથી	૫ વરસ	,,	૧૨½	,,
૫ વરસથી	૭ વરસ	,,	૧૧½	,,
૭ વરસથી	૧૦ વરસ	,,	૧૧	,,
૧૦ વરસથી	૧૪ વરસ	,,	૧૦	,,
૧૪ વરસથી	૧૬ વરસ	,,	૯½	,,
૧૬ વરસથી	૨૦ વરસ	,,	૯	,,



ઊંઘને ખોળે

ફોટો · સ્વ. સોરાબજી ખારેગાટ

આ પરથી જણાશે કે વીસ વરસ પછી ઊંઘ ઘટાડવી વધુ સલાહ-ભર્યું છે. ઘરડાઓને ઓછી ઊંઘ જોઇએ છે તેનું કારણ એ નથી કે તેઓ દિવસાનુદિવસ ઊંઘ ઘટાડતા આવે છે, પણ ઘડપણમાં એમના શરીરને વિકાસ પામવા જેવું કશું ન હોઈ ઊંઘની જરૂર ઓછી રહે છે.

પણ એટલા પરથી ઊંઘનો સમય આપણે નવ કલાકનોજ મુકરર કરવો વાજબી નથી. જર્મનીએ એ બાબતમાં અનેક અખતરા કરી સાબિત કર્યું છે કે ઊંઘથી મળતી તાઝગીને કલાકો સાથે મુદ્દલ સંબંધ નથી. આઠ કલાકની અશાંત ઊંઘ કરતાં ચાર જ કલાકની પણ ઘસઘસાટ ઊંઘ વધુ તાઝગી બક્ષે છે.

અને સરેરાશ વ્યક્તિ ઘસઘસાટ તો માત્ર બે જ કલાક ઊંઘે છે,— ઊંઘ આવી ગયા પછીનો બીજો ને ત્રીજો કલાક. એ બે કલાકમાં કદી સ્વપ્નાં નથી આવતાં, લોહીનું દબાણ પણ ઘટી જાય છે, એટલું જ નહિ પણ લોહીમાંના ક્ષારો પણ ઘટી જઇ શરીર બીજા દિવસની કાર્યશક્તિનો ઘણોખરો સંઘરો કરી લે છે.

નેપોલિયન,ગાંધીજી કે એડીસન જેવા એવા યે કેટલાક પુરુષો હોય છે, જેમનામાં ધારે ત્યારે ઊંઘી જવાની શક્તિ હોય છે; અને ઉજાગરા કરવામાં તો કોઈ એમને આંટી ન જાય. આવી અનિયમિત ઊંઘ છતાં એવા લોકોએ તે પર એટલો કાબૂ મેળવી લીધેલો હોય છે કે આ 'ઝડપેલી' ઊંઘમાંથી યે તેમને સંપૂર્ણ તાઝગી મળી રહે છે અને સાધારણ માણસ કરતાં તેમનો કાર્યોત્સાહ પણ વિશેષ રહે છે.

એ મહાવરાનું જ પરિણામ છે ને દરેક વ્યક્તિ ધારે તો એવો મહાવરો પાડી શકે. પછી તો શરીરને એવી ટેવ જ બંધાઈ જાય છે કે ઊંઘના મળતા સમયમાં જ તે થાકેલા કોષોની પુનર્રચના કરી લે. આ મહાવરા પાછળ પડનારામાં આયર્લૅંડનો જૅક મૅક્કાર્થી સૌથી આગળ તરી આવે છે. તે કહેતો કે ઊંઘ એ તો શરીરની એક ટેવ છે; અને તેણે એ સાબિત પણ કરી આપ્યું હતું. આખી રાત ભઠિયારું કરી દિવસે તે શિકારે નીકળી પડતો ને આખા અઠવાડિયામાં માત્ર પાંચ કે છ કલાકની જ ઊંઘ તે લેતો!

આ પરથી એક વસ્તુ ચોક્કસ થાય છે, અને તે એ કે માણસે પોતાને પ્રમાણમાં જોઇએ તે કરતાં વધુ ઊંઘવાની ટેવ પાડેલી છે. માણસ કરતાં યે વધુ શ્રમ કરવા છતાં, તેના સિવાય બીજું કોઈ પ્રાણી એટલી ઊંઘ ખેંચતું નથી. હાથી જેવડા જબરા જનાવરને પણ એકસામટી ત્રણ કલાકની ઊંઘ પૂરી થઈ રહે છે.

આનું મોટામાં મોટું કારણ એ જ લેખી શકાય કે માણસ કુદરતી રીતે ઊંઘતાં ભૂલતો જાય છે. જેમ ઊંઘ ઘસઘસાટ, તેમ તેને જોઇતો સમયનો ગાળો હમેશાં ટૂંકો રહે છે. નિશ્ચિંત ચિત્તની પાંચ મિનિટની ઊંઘ દિવસે ખેંચી શકાય તોપણ શરીર પર તે ગજબ અસર કરે છે. આંખના સ્નાયુઓને લાગેલો થાક તે ઉતારી નાખે છે. જૅક મૅક્કાર્થી જેવા ન બનવું હોય તેવાઓને માટે પણ દિવસની આ થોડી ઊંઘ— વામકુક્ષી એક સોનેરી તક જેવી છે અને એથી રોજિંદી ઊંઘમાં પણ કંઈ ફરક પડતો નથી.

આમ, ઘસઘસાટ ઊંઘની અનિવાર્ય આવશ્યકતા સ્વીકાર્યા પછી તે શી રીતે આણવી એ બાબત આપણે વિચારીએ.

એ માટે સૌથી પહેલું તો એ યાદ રાખવું કે બરાબર જેવા થાકયા પછી જ પથારીમાં પડવું જોઇએ. પણ એ થાક આપણા શરીરના પ્રમાણમાં જ હોવો જોઈએ એ ન ભૂલવું, નહિતર એમાંથી અનિદ્રાનો રોગ ઉદ્ભવે. એવી કાયમની અનિદ્રાથી મજ્જાકોષોની શક્તિ ઘટવા લાગે છે, ને એને લઈને યાદદાસ્ત ને સહનશક્તિ પણ ઘટે છે. ઘણી વખત તેનું પરિણામ ગાંડપણ કે મોત પણ નીપજાવે છે. મહાવરાવશ અનિદ્રાની વાત જુદી છે, પણ આવી અનૈચ્છિક અનિદ્રાનો તરત ઉપાય લેવાવો જોઇએ.

જગતમાં તદ્દન મફત મળતી કોઇ લિજ્જત હોય તો તે ઊંઘમાંથી સંપૂર્ણ તાઝગી સાથે ઊઠવાની, અને એ લિજ્જત કોઈ કાળે જતી કરવા જેવી નથી.

બને ત્યાંસુધી શરીરને જોઈતી ઊંઘનું પ્રમાણ પહેલેથી જ નક્કી કરી લેવું જોઇએ ને પથારીમાં પડતાં જ મનમાંથી સઘળા ફાલતુ વિચારોને રૂખસદ આપી દેવી જોઇએ. એ મુજબ વર્તવાથી ઊંઘની નૈસર્ગિક સ્ફૂર્તિ આપણે વિના આયાસે મેળવી શકીએ.

વળી મગજ બહુ ઉશ્કેરાયું હોય ત્યારે પણ ઊંઘવા ન જવું જોઈએ. એવી સ્થિતિમાં ઊંડા શ્વાસોચ્છ્વાસ લેતા રહેવું બહેતર છે. એથી ઉશ્કેરાટ આપોઆપ શમી જશે. ઘણી વખત એકાદ સારી ચોપડીનું થોડું વાચન ચિત્તશાંતિ માટે પૂરતું થઈ પડે છે. પણ એ વાંચતાં શરીરને અસ્વસ્થ સ્થિતિમાં મૂકયું હોય, ખરાબ પ્રકાશ હોય કે અક્ષરો ખૂબ ઝીણા હોય તો ઊંઘ ઉલટી હડસેલાય છે

હવે પથારી પર આવીએ. એ માફકસર જ રાખવી; વધુ કઠણ હોય તેનો વાંધો નહિ, પણ વધુ સુંવાળી તો નહિ જ. ઓશીકાની પસંદગી તો જોકે વ્યક્તિગત છે, પણ તે યે જેમ ઊંચું તેમ વધુ સારું; એથી માથામાં લોહીનો ભરાવો નથી રહેતો. ઓઢવાનું જેમ બને તેમ પાતળું રાખવું: બે જાડાં ગોદડાં ઓઢયા કરતાં ત્રણ પાતળાં ગોદડાં ઓઢવાં વધુ સારાં છે. પથારી સ્વચ્છ ને સપાટ રાખવી. ખરબચડી પથારી ઘણી વખત કેડમાં દુખાવો આણે છે.

ઊંઘતી વખતે સ્નાયુઓ કેટલો આરામ મેળવે છે તે તો ઊંઘનારના શરીરનું આપણે નિરીક્ષણ કરીએ ત્યારે જ ખબર પડે. તેનો ચહેરો કેટલો પ્રફુલ્લ દેખાય છે! અને બીજું; ઊંઘતી વખતે એ પોતાનાં પડખાં વારાફરતી બદલાવતો જ રહે છે. તદ્દન તંદુરસ્ત માણસ પણ આઠ કલાકની સરેરાશ ઊંઘમાં પાંત્રીસ વખત પડખાં બદલાવે છે એમ પિટ્સબર્ગ યુનિવર્સિટીની મેલન ઈન્સ્ટીટયૂટે પ્રયોગો પછી જાહેર કર્યું છે.

આમ પડખાં બદલાવવાની સહજવૃત્તિ એ પણ કુદરતની એક બક્ષિશ જ છે. સ્નાયુઓને દિવસના ભાગમાં પડેલું તાણ તથા બોજ એથી ઓછાં થાય છે ને થાકેલા સાંધાઓને પણ રાહત મળે છે.

રાત્રે સૂવામાં જેટલી નિયમિતતાની જરૂર છે એથી યે વધુ જરૂર સવારમાં ઊઠતી વખતની નિયમિતતાની છે.એ નિયમિતતા આવી ગઇ તો પછી ઊંઘની વધઘટનો મહાવરો સહેલાઈથી પાડી શકાય છે. પણ એ નિયમિતતા પાછી ઓચિંતી તૂટવી ન જોઇએ, કારણ એની અસર હૃદય ઉપર વિપરિત થાય છે.

ઊંઘ લાવવા માટેની દવાઓ તો આજકાલ હદ બહારની નીકળી છે, પણ કુદરતી ઊંઘની તાઝગીની જે લાલી ચહેરા પર આવે છે તે રસાયણી દવાઓથી કદી નહિ આવી શકે. એથી શરીર ઊલટું કથળે છે, ને વધુ ભયંકર તો એ છે કે એ દવાઓની પછી આદત પડી જાય છે. એનું પ્રમાણ હળવે હળવે વધતું જ જાય છે, ને પરિણામે પ્રાણી-જગતને મળેલી અમૂલ્ય બક્ષિશ-હિંમતનો માણસમાંથી નાશ થઈ જઇ, સાચા માણસને બદલે સમાજને દવાઓનો એક ગુલામ મળે છે.

આવી ઊંઘવાની દવાઓ 'sedatives' આજે અસ્પિરીન ને જુલાબની દવાઓ જેટલા જ મોટા પ્રમાણમાં બહાર પાડવામાં આવે છે ને તેમને 'વૅરોનલ,' 'ઍલ્યોરેટ,' 'ઍમીટાલ' 'ડાયલ' 'લ્યૂમિનલ' 'નીઓનાલ' વગેરે જેવાં અનેક નામો આપવામાં આવે છે. આ દવાઓ કોડી જેટલી સસ્તી હોવા છતાં અફીણથી યે ઝેરી હોય

છે એ ઘણા નહિ જાણતા હોય. આવી નિદ્રાકર્ષક દવાઓ માટે ડૉ. રાઇઝિંગ કહે છે, કે 'બીજાં ઝેરો જેટલી જ એ શરીર પર ઝેરી અસર કરતાં હોઈ અનિવાર્ય હોય તેવા જ પ્રસંગે અને કુશળ ડૉક્ટરની નજર તળે જ તેનો ઉપયોગ કરવો.

આવી દવાઓ કરતાં તો બહેતર છે કે ઊંઘ્યા પહેલાં ૯૮ થી ૧૦૨ ડિગ્રી સુધી ગરમ કરેલા પાણીનું સ્નાન કરવું. પરંતુ દરરોજ માટે એ ઉષ્ણ સ્નાન પણ સારૂં નથી. ચામડીની સ્પર્શગ્રાહ્યતા એથી ઘટી જાય છે. એથી ઉલટું, ઠંડા પાણીનું સ્નાન બળવર્ધક છે.

વળી ખોરાક, સૂવા અગાઉ ઓછામાંઓછા ત્રણ કલાક પહેલાં લઈ લેવો જોઇએ, અને તે પણ બપોર કરતાં હલકો. હોજરીની ગરબડ ઘણી વખત અનિદ્રાનું મોટું કારણ હોય છે. સૂવાના ખંડમાં હવાની અવરજવર પણ પુષ્કળ હોવી જોઇએ. જરૂર પડે તો થોડુંક વધુ ઓઢી લેવું, પણ હવાને અટકાવવાનો અથવા તો માથે ઓઢીને કે મોં ખુલ્લું રાખીને ઊંઘવાનો પ્રયાસ કદી ન કરવો. શયનખંડનું ઉષ્ણતામાન સરેરાશ ૬૦ થી ૭૦ અંશ આસપાસ રહે એ ઈચ્છનીય છે.

આંખોનું વધુપડતું ખેંચાણ, ધૂમ્રપાન, કબજિયાત, અતિશય શ્રમ ને ઉદ્વેગ સાથે અનિદ્રાનો ભય પણ ઘણી વખત અનિદ્રા ઉપજાવે છે. એવું લાગે તો શરૂઆતમાં અરધા ગ્લાસ ગરમ પાણીમાં અરધીથી એક ચમચી બાઇકાર્બોનેટ ઑવ સોડા લેવું. અને છતાં ફાયદો ન થાય તો યોગ્ય સારવાર લેવી; પણ બજારૂ દવાઓથી તે મટાડવાનો પ્રયાસ કદી ન કરવો.

બીજી એક ભૂલભરેલી માન્યતા પણ આપણામાંના ઘણા ધરાવતા હોય છે, અને તે એ કે પહેલે દિવસે ઉજાગરો કર્યો હોય તો બીજે દિવસે ભરપૂર ઊંઘ લીધી હોય તો જ શરીર ઠેકાણે આવે. પણ એમાં કંઇ વજૂદ નથી. માત્ર નવ કલાકની ઘસઘસાટ ઊંઘ સાઠ કલાકની ચઢેલી ઊંઘનો બદલો વાળી આપે છે. અતિનિદ્રા પણ અત્યાહાર જેટલી જ ત્યાજ્ય છે એ ન ભૂલવું.

આ તો બધો ઊંઘ સાથેનો આપણો શારીરિક સંબંધ થયો. પરંતુ મનને પણ તેની સાથે કંઈ ઓછો સંબંધ નથી. ઇન્દ્રિયોની કાર્યશક્તિ પણ ઊંઘમાં અજબ પ્રકારની રહે છે. ગમે તેવી ઘસઘસાટ ઊંઘમાં આપણે પડયા હોઇએ, પણ ત્યારે કોઈ પરિચિત અવાજ ગમે તેટલા જોરશોરથી થતો હશે છતાં આપણે જલદી જાગી નહિ ઊઠીએ, પણ જરા સરખો યે અપરિચિત અવાજ થયો કે તરત આપણી આંખ ખુલી જવાની.

ઊંઘમાં વિચાર કે તર્ક જેવું કંઇ રહે છે કે નહિ તે આપણે કહી શકતા નથી. ઘણા માણસો ઊંઘમાં ને ઊંઘમાં ઊભા થઈ ઘણી પ્રવૃત્તિઓ કરે છે, છતાં જાગ્રતાવસ્થામાં એ બધું વિસરી જાય છે એવા દાખલા મળી આવે છે. આ વિશિષ્ટ પ્રકારને વિજ્ઞાનની ભાષામાં 'Somnambulism' કહે છે. વિજ્ઞાનીઓએ તેની તપાસ પણ હાથ ધરી છે. જોકે હાલ તો કુદરત ઊંઘ કેમ આણે છે એ જ પ્રક્રિયા જાણવા તે મથે છે. તેમણે મગજની અંદર રહેલું નિદ્રાકેન્દ્ર શોધી કાઢયું છે. મજ્જારજ્જુ (brain stem) અને તેના બાહ્યાવરણ–thalamus ની વચ્ચે તે આવેલું છે. આ થૅલેમસનો એક છેડો તે પિટ્યૂટરી ગ્રંથી એને કશી ક્ષતિ પહોંચી હોય તો ઊંઘ નથી આવતી. વિજ્ઞાનીઓ આ ભાગને કૅલશિયમ ક્લોરાઈડનાં ઈંજેક્શનો આપી ઊંઘ આણી શકયા છે ને પોટાશિયમ ક્લોરાઈડનાં ઇંજેકશનોથી અનિદ્રા પણ જન્માવી શકયા છે. છતાં વિજ્ઞાનીઓ માને છે કે ઊંઘની યાંત્રિકતા એ ભાગમાં જ પર્યાપ્ત નથી એ તો માત્ર જાગૃતિ ને સુષુપ્તિ વચ્ચેની નિયામક કળ છે. જોકે નિદ્રા એકલી શારીરિક પ્રક્રિયા છે જ નહિ. એ માનસિક, અને કંઈક અંશે મનાતપર પ્રક્રિયા પણ છે.

આ 'મનાતપર'નો અર્થ એટલો જ કે આપણા જાગૃત મજ્જાતંત્ર (voluntary nervous systcm) ની નહિ પણ પ્રાથમિક અથવા પ્રસુપ્ત મજ્જાતંત્ર (primitive nervous system અથવા sympathetic system) ની એ પ્રકિયા છે. આ પ્રાથમિક મજ્જાતંત્ર આપણા પાછળથી વિકાસ પામેલા મગજની આજ્ઞા ઉઠાવે છે, એટલું જ નહિ પણ ભય ક્રોધ વગેરે લાગણીઓથી શરીર પર થતી પ્રતિક્રિયાઓથી તે તેને રક્ષણ આપે છે.

પરંતુ આ પ્રાથમિક મજ્જાતંત્રનો એક બહુ અલ્પ ભાગ 'para-spmpathetic' તરીકે ઓળખાય છે, અને ઝ્રિચના પ્રો. ડબ્લ્યુ. આર હેસના કહેવા મુજબ ઊંઘની પ્રક્રિયા માટે મુખ્યત્વે એ જ ભાગ જવાબદાર છે. આગળ ઉપર આપણે જે ભાગને ઇંજેકશનો આપવાનું કહી ગયા તે આ જ ભાગને. કેટલાક વળી માને છે કે શરીરમાંથી નીકળતો કોઈ ઊંઘજનક સ્રાવ જ ઊંઘ આણતો હોવો જોઇએ. બર્લિનના ઝૉન્ડેક ને બાયર એ બે વિજ્ઞાનીઓના અખતરામાં એ માલૂમ પણ પડયું છે કે ઊંઘ દરમિયાન પિટ્યૂટરી ગ્રન્થીમાંનો પદાર્થ મજ્જારજ્જુ (brain stem) ના કોઈ ભાગમાં ઠલવાઈ જઇ તે ખાલી બની જાય છે, જ્યારે જાગવાની થોડી પળો પહેલાં તે પાછી ભરાઈ જાય છે. જો કે હજુ અંતિમ નિર્ણય પર આવવા માટે બીજી સાબિતીઓની જરૂર રહે છે.

ઊંઘ સાથે આપણને સ્વપ્નાંનો સવાલ પણ ઊઠયા વિના નથી રહેતો. જો કે બહુ સ્વપ્નાં તો અપચાને કારણે જ આવે. પણ નૈસર્ગિક આવતાં સ્વપ્નાંને એ કોટિમાં મૂકી શકાય તેમ નથી. ઘણાનો અનુભવ હશે કે જાગ્રતાવસ્થામાં કરવાં અશકય એવાં ઘણાં કાર્યો આપણે સ્વપ્નાવસ્થામાં કરીએ છીએ. મૅાડ્સ્લે તો કહે છે કે જો સ્વપ્નાંમાં કરવામાં આવતા ગુનાઓની સજા કરવામાં આવે તો એવો કોઇપણ શખ્સ નહિ નીકળે કે જે સજાને પાત્ર ન થાય! આનું કારણ એક જ છે. આપણી ઘણી લાગણીઓ ને આવેશોને આપણે જાગ્રતાવસ્થામાં દબાવી શકીએ છીએ, પણ નિદ્રાવસ્થામાં આપણો એ દાબ જતો રહી તેમને પૂરતી છૂટ મળે છે. વળી એવા યે ઘણા આવેશો છે જે સ્વપ્નાવસ્થામાં જ પોતાનો વેગ શોધે છે.

આવી બધી લાગણીઓમાં સૌથી આગેવાન લાગણી ભયની છે. તેનાં બે કારણો છેઃ એક તો બીજી બધી લાગણીઓ કરતાં તે વધુ પ્રબળ છે તે, અને બીજું, બધી લાગણીઓમાં વધુમાં વધુ દાબી રખાતી લાગણી એ છે. સ્વપ્નમાં તો ઘણી વખત ઠેઠ બાળપણની દબાવી રાખેલી લાગણીઓ ને વૃત્તિઓ પણ કાળાંતરે માર્ગ શોધે છે. પણ આપણે તો અત્યારે ઊંઘ સાથેના સંપર્ક જોડે જ સંબંધ હોઇ આટલેથી પતાવી લઈશું. બાકી સ્વપ્ન અને સુષુપ્ત માનસનું આખું એક શાસ્ત્ર ઊભું થયું છે.

'અનિકેત'

ગુરુએ શિષ્યને બોધ આપ્યો કે ભૂતમાત્રમાં પરમાત્મા છે. શિષ્ય એ સાંભળી ઘેર જતો હતો, ત્યાં રસ્તે હાથી સામો આવતો હતો. મહાવતે તેને ખસી જવાનું કહ્યું. પણ પોતામાં તેમજ એનામાં પરમાત્મા છે એવી દૃઢ સમજથી શિષ્ય ખસ્યો નહિ, તેથી તેને સૂંઢ વડે પકડીને હાથીએ દૂર ફેંકયો. શિષ્યને વાગ્યું. એણે તો માત્ર ગુરુના બોધનો સ્થૂળ અર્થ ગ્રહ્યો હતો. એણે ગુરુને જઇને ઉપરનો બનાવ કહી, પરમાત્મા રૂપ હાથીએ ગુજારેલી આફત વર્ણવી, ત્યારે ગુરુએ જવાબ આપ્યો કે 'મહાવતમાં પણ પરમાત્મા છે એમ સમજીને તેં એનું કહ્યું કાં ન માન્યું?

(શ્રી રામકૃષ્ણ પરમહંસ)

હારજીત

હાસ્યવિનોદ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. નિમંત્રિત મંડળી શ્રીખંડપુરી પર સારીરીતે હાથ મારી રહી હતી.

ઉનાળો તાજેતરમાં શરૂ થતો હોઇને કંઈક ઉકળાટ થતો હતો તેથી, અને મિષ્ટાન્ન જમતાંજમતાં થતા શ્રમને દૂર કરવાના ઉદ્દેશથી વીજળીના પંખાઓએ પોતાનો ઘરઘરાટ શરૂ કર્યો હતો.

રેડિયોમાંથી કર્ણપ્રિય સંગીત કાન ઉપર આવતું હતું અને તેથી પ્રત્યેક જણ ખુશ થતો દેખાતો હતો.

મંડળીનાં મન સુપ્રસન્ન રહે તે હેતુથી ઊંચી જાતની અગરબત્તી સળગાવીને પત્રાંવળાં આગળ ગોઠવેલી હતી. તેની મધુર સુવાસ વાતાવરણમાં ભળી જતી હતી.

અત્યંત ઝગઝગાટથી પ્રકાશતા વીજળીના દીવાઓ ઝીણા ટમટમાટથી બળતી અગરબત્તીના નાના જીવની દરકાર ન કરતા હોય એમ લાગતું હતું. બડા દિમાગથી મંડળીને પ્રકાશ આપવાનું કામ તેઓ કરતા હતા. તેઓ કોઇ પણ પ્રકારની હીલચાલ કરતા નહોતા, તોપણ તેમની વિલક્ષણ કડકાઈ અને અતિશય બેપરવાઇ ત્યાં પડતા પ્રકાશના ધોધમાં પ્રતીત થતી હતી.

પાછળ આવતા ડબાઓને ગતિ આપવા માટે જે પ્રકારનું અભિમાન આગગાડીનું એન્જિન બતાવે, તેવું અભિમાન આ દીવાઓ, લોકોને હાથપગ ચલાવવાની ગતિ આપવાની મદદ કર્યા બદલ લેતા હતા. તે દિવસે તેઓનો રૂવાબ કૈં ઔર જ હતો એમનો એ ભભકો ને ઠાઠમાઠ જોઇને તેમને અહંકારનો જાણે કેફ ચડચો જ હતો.

તેમાંના કેટલાકના ગાલ એકદમ લાલ ચણોઠી જેવા દેખાતા હતા, કેટલાકે જાંબુડા કોટ ચડાવ્યા હતા, જ્યારે કેટલાકના દેહ પર સફેદ સ્વચ્છ 'શર્ટ' શોભતાં હતાં. તેમની દૃષ્ટિ અતિ નિશ્ચલ હતી. કંઈક ગૂઢ મનોવ્યાપારમાં તેઓ મશગુલ થઇ ગયા હોય એવું સ્પષ્ટ માલૂમ પડી આવતું હતું. તેઓએ આગલા દિવસો યાદ કર્યા.

દિવેલિયું, દીવી, મીણબત્તી, ચીમની-ફાનસ, અને પેટ્રોમૅક્સનાં ચિત્રો તેમની દૃષ્ટિ આગળ તરવરવા લાગ્યાં. એમની કલ્પના આવતાં તેઓ મૂછમાં હસવા લાગ્યા અને વિચારો ઊભરાયા:

'અંગમાં બિલકુલ શક્તિ નહિ! મોઢાની ફૂંક લાગતાંવેંત તેમનો જીવ જાય,' ટમકટમક બળતી દીવી યાદ આવતાં એક જણે વિચાર્યું.

'બેડોળ, સ્થૂળ, અંગમાં સૌજન્યનો અંશ પણ નહિ.' પેટ્રોમૅક્સની યાદ આવતાં બીજાએ વિચાર્યું.

'અપશુકનિયાળ પગલાંની રાંડીરાંડ, જેવી, દમ વગરની!' સફેદ મીણબત્તીની મૂર્તિ નજર આગળ ખડી થતાં ત્રીજો વિચારવા લાગ્યો.

'ચ્હેરો તદ્દન ફિક્કો, શરીરમાં બિલકુલ દમ નહિ.' ચીમની-ફાનસ માટે ચોથાએ વિચાર્યું.

'સખત ઝંઝાવાતને પણ અમે દાદ દઇએ નહિ.' પોતાના સામર્થ્યનો વિચાર મનમાં દૃઢ થતાં બધા વિચારવા લાગ્યા.

'ટાપટીપ, સ્વચ્છતા, તત્પરતા, આ ગુણોના જોર ઉપર આપણે નામ કાઢ્યું છે, અને તેમને હરાવ્યાં છે.' પોતાની વિલક્ષણ લોકપ્રિયતાને માટે અભિમાન ધરીને દરેક જણ વિચારવા લાગ્યો. એ વખતે અભિમાનનો જાણે તેમને કેફ ચડવા લાગ્યો. દીવી અને મીણબત્તી જેવા ક્ષુદ્ર જીવ સાથે પોતાની તુલના કરવાના પ્રયત્ન કર્યા બદલ કેટલાક તો અતિશય શરમાવા લાગ્યા.

વિજયના ઉન્માદમાં તેઓ આગ ચકચૂર હતા. ઉપહાસ અને તિરસ્કારની મિશ્ર છટા તેમના ચહેરા પર સ્પષ્ટપણે અંકાએલી હતી.

ત્યાં તો . . . . કંઈક કટાકો થયો.

પંખાઓનો ઘરઘરાટ ધીમેધીમે બંધ પડચો. લોકોની દોડાદોડ શરૂ થઇ. તોફાની લોકો ફીકિયારી કરવા લાગ્યા.

અંતે મીણબત્તીએ એ દીવાનખાનામાં પહેલો પ્રવેશ કર્યો. તેની તેજથી ભરેલી શાંત મુદ્રા જોઇને લોકો શાંત થયા.

પછી દીવીઓ છટાથી ઝૂલવા લાગી. ચીમની અને ફાનસ પણ ચમકવા લાગ્યાં.

આવા કટોકટીના વખતે પેટ્રોમૅક્સને પણ પાછળ રહેવું વ્યાજબી લાગ્યું નહિ. યથાશક્તિ મદદ કરવાના ઉદ્દેશથી તેણે પણ પ્રકાશવું શરૂ કર્યું.

મીણબત્તી, દીવી, ચીમની, ફાનસ અને પેટ્રોમૅક્સ બધા ઊંચે જોવા લાગ્યા. વીજળીના દીવાઓ નીચી મૂંડી કરી ઊભા હતા. પોતાનો આવો ફજેતો થવા માટે તેઓ ઘણા જ ઓશિયાળા દેખાતા હતા. થોડી જ મિનિટો પહેલાં તેમના ચહેરા ઉપર ચમકતું તેજ હવે સદંતર લોપ થયું હતું. **પીતામ્બરદાસ રામજીભાઈ ભારદ્વાજ**

(શ્રી. શં. કૃ. આઠવલેની એક લલિતકથા ઉપરથી)

પેગમ્બરી ચમત્કાર

એક શખ્સ પેગમ્બર હોવાનો દાવો કરતો ને કહેતો કે 'હું હઝરત ઈબ્રાહીમનો અવતાર છું.' તેને ખલીફા મામૂન સમક્ષ ખડો કરવામાં આવ્યો. ખલીફાએ કહ્યું, 'હઝરત ઈબ્રાહીમ અનેક ચમત્કારો કરી બતાવતા; તારામાં તેમાંનો એકે ચમત્કાર દેખાડવાની શક્તિ છે?' અને પછી આગળ બોલ્યા, 'ચિતા સળગાવીને ઈબ્રાહીમને તેમાં ફેંકવામાં આવ્યા હતા તો પણ તેના શરીરને કંઇ ઈજા નહોતી પહોંચી; ઉલટો, અગ્નિ ફૂલોના ઢગલામાં બદલાઇ ગયો હતો. તેથી મારો મત એમ પડે છે કે અગ્નિ પ્રગટાવી તને તેમાં હોમી દઇએ. જો તું જીવતો રહે તો તું પેગમ્બર સાચો.'

પેલો માણસ બોલ્યો, 'એ તો બહુ આકરો ચમત્કાર ગણાય. તેના કરતાં કોઈ સહેલો ફરમાવો.' ખલીફાએ કહ્યું, 'ત્યારે હઝરત મૂસાનો એકાદ ચમત્કાર દેખાડ. હઝરત મૂસા પોતાની લાકડી જમીન ઉપર ફેંકતા અને તુરત જ તેમાંથી સાપ બની જતો. અથવા લાકડીને દરિયામાં ફટકારતા કે તુરત જ દરિયાના બે ભાગ પડી જતા. આમાંનું કંઈક કરી બતાવ.' પેલા માણસે કહ્યું, 'એ કામ પણ મુશ્કેલ ગણાય. તેના કરતાં વધારે સહેલું કામ સોંપો.'

ખલીફાએ કંટાળીને કહ્યું, 'હવે છેવટે હઝરત ઇસા જેવો તો એકાદ પ્રસંગ કરી બતાવ. તે મુવેલા માણસને જીવતો કરી શકતા.' પેલો ધૂતારો તુરત બોલી ઊઠચો, 'તે વાત બરાબર છે. તેવો ચમત્કાર હું ચોક્કસ કરી બતાવું. આપ મને પરવાનગી આપો તો આ સામે બેઠેલા આપના કાજીનું ગળું હું કાપી નાખું અને ત્યાર પછી મારી શક્તિથી આપના દેખતાં હું તેને સજીવન કરી દઉં.' કાજી બૂમ પાડી ઊઠચા, 'ના રે ભાઇ! કાજી તરીકે હું ફેંસલો આપું છું કે પેગમ્બર જેવા ચમત્કારો કરવાની તમે શક્તિ ધરાવતા હોવાથી પેગમ્બર તરીકેનો તમારો દાવો હું મંજૂર રાખું છું!'

(ફારસી ઉપરથી) **હિંમતલાલ લીલાધર ગાંધી**

એક ચશ્માનો વેપારી પોતાના છોકરાને ધંધાનું શિક્ષણ આપતો હતો: 'ઘરાકને ચશ્માં બંધબેસતાં થઇ જાય અને એ કિંમત પૂછે એટલે કહેવું કે 'દસ રૂપિયા.' અને પછી જરા અટકીને તેની સામે જોવું. જો એ સાંભળીને તે ભડકતો ન લાગે તો પછી આગળ બોલવું કે 'ફ્રેમના; અને દસ રૂપિયા કાચના...' અને ત્યાં જરાક જ વાર અટકવું ને તેના સામે ઝડપથી જોઈ લેવું; ને જો એથી પણ તે ચમકતો ન લાગે તો પછી તરત જ હળવેથી ઉમેરવું: 'દરેક નંગના.'

ફાઉન્ટનપેનની બ્લ્યુબ્લૅક શાહી

બનાવવાની રીત

ફાઉન્ટનપેન રાખવાનો શોખ જાણીતો છે અને આજે તો એની ઉપયોગિતા પણ અનિવાર્ય થઈ પડી છે. આ પેનો માટે જનતા સમક્ષ તરેહતરેહની રંગબેરંગી અશુષ્ક શાહીઓ આકર્ષક ને અનેરી ઢબથી મૂકવામાં આવે છે. આમાંથી દરેક પોતાને અનુકૂળ રંગની શાહી વાપરે છે. એ બધા રંગમાં સૌથી વિશેષ વાદળી શાહી વપરાય છે ને ત્યારપછી બ્લ્યુ-બ્લૅક (કાળી-ભૂરી) શાહી આવે છે.

છતાં પેનો વાપરનાર ઘણાને ખબર નહિ હોય કે વાદળી, લીલી કે લાલ શાહી વાપરવાથી, વર્ષો બાદ, ફાઉન્ટનપેનની ટાંક પર રાસાયણિક અસર થવાથી તે થોડીથોડી ખવાતી જાય છે; તેથી જેમ જેમ ટાંક વપરાતી જશે તેમતેમ અક્ષરો જાડા પડતા જશે. જ્યારે બ્લ્યુ-બ્લૅક શાહી વાપરવાથી આ પરિણામ આવતું નથી, કેમકે બ્લ્યુ-બ્લૅક શાહી સ્ટીલની ટાંકને બીલકુલ અસર કરતી નથી. વળી આ શાહી પાણીમાં પણ દૃઢ હોય છે, એટલેકે પાણીમાં એ ધોવાઈ જતી નથી. આ સિવાયની શાહીઓ પાણીમાં ધોવાઈ જાય છે. એટલે પેનની સર્વ પ્રકારની શાહીઓમાં આ બ્લ્યુ-બ્લૅક શાહી અમૂલ્ય પેનો માટે સર્વશ્રેષ્ઠ અને ઉચ્ચતમ છે અને એ જ વાપરવાની ભલામણ થઇ શકે. આ શાહીમાં એક ગુણ એ છે કે લખતી વખતે અક્ષરો વાદળી રંગના પડશે પણ જેમજેમ એ હવાના સંસર્ગમાં આવતા જશે તેમતેમ કાળા થતા જશે.

અમૂલ્ય પેનો વાપરનારાઓ માટે આવી એક ઉત્તમ પ્રકારની, લખાણ ઉપર પાણી પડે છતાં જાય નહિ એવી શાહી બનાવવાની પદ્ધતિ આ લેખમાંથી મળી શકશે. કેટલાક એવા હશે, જેમને ચાલુ પરિસ્થિતિ જોતાં બજારની વેચાતી શાહી ન જ પોસાય. આવાઓ માટે અને નિતનવીન પ્રયોગોના રસિયા કુમારો માટે આ પ્રયોગ રસપ્રદ અને ઉપયોગી થઈ પડશે. કેટલાક પેનની શાહી કેવી રીતે બનતી હશે એ સ્વભાવિકરીતે જ જાણવાની ઇંતેજારી રાખે. એવાઓને પણ આ પ્રયોગ ઉપયોગી થઇ પડશે. આ પ્રયોગ દરેક સામાન્ય માણસ પણ સફળતાથી કરી શકશે; વિફળતાનો એક અંશ પણ આ પ્રયોગોમાં નથી. અને પોતાની જાતે જ બનાવેલી શાહી વાપરવામાં પછી તો કૈં ઓર જ મઝા પડે છે!

હીરાકશી : હીરાકશીનું નામ તો દરેકે સાંભળ્યું જ હશે. એને અંગ્રેજીમાં ફેરસ સલ્ફેટ (ગ્રીન વીટ્રીઑલ પણ) કહે છે. બજારમાં એ ગાંધીની દુકાનેથી સસ્તામાં મળે છે. ચાર છ આને શેર મળશે. શાહી બનાવવામાં હીરાકશીની પહેલી જરૂર પડે છે.

માયાનો આફૂલ : બ્લ્યુ-બ્લૅક શાહી બનાવવામાં બીજા અગત્યના પદાર્થો ટૅનિક ઍસિડ અને ગૅલિક ઍસિડ છે (બંને માયાંનું સત્વ છે.) તે કોઇ પણ રસાયણ-વિક્રેતાને ત્યાંથી મળી શકશે. (ટૅનિક ઍસિડ ન મળે તો માયાં વેચાતાં લઇને તેને ભૂકો કરીને પાણીમાં ઉકાળીને દ્રાવણ ગાળી નાખ્યા પછી વાપરે તો પણ ચાલે) હીરાકશી આ પદાર્થો સાથે સંયોજિત થાય છે એટલે એક નવો જ પદાર્થ બને છે, જેને અંગ્રેજીમાં આયર્ન ટૅનેટ કહે છે. શાહીમાં મોટો ભાગ આનો જ હોય છે.

બાવળનો ગુંદર : આ શાહીમાં બાવળનો ગુંદર પણ અમુક પ્રમાણમાં વાપરવામાં આવે છે. શાહીમાં જોઈતા પ્રમાણમાં ગુંદર નાખવાથી, લખતી વખતે પેનમાંથી શાહી એકદમ કાગળ ઉપર ઊતરી પડતી નથી. વળી ગુંદર શાહીને કાગળ ઉપર ફેલાઈ જતી અટકાવે છે. આ કારણોથી ગુંદર નાખવો આવશ્યક છે.



તેજાબ : હીરાકશી અને માયાંના સત્વમાંથી બનાવેલી શાહીઓમાં થોડા પ્રમાણમાં તેજાબની પણ જરૂર છે. તેજાબ નાખેલો ન હોય તો શાહીમાંના આર્યન ટૅનેટ ઉપર હવાની જલદી અસર થવાથી એમાં એ પદાર્થનાં તથા રંગનાં રજકણો ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત શાહી રગડા જેવી થઇ જાય છે, જે ઇંદીપેન માટે નાલાયક ઠરે છે. આ ક્રિયા અટકાવવા માટે શાહીમાં થોડા મીઠાના જલદ તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) ની કે ગંધકના જલદ તેજાબ (સલ્ફ્યુરિક ઍસિડ)ની જરૂર પડે છે તેજાબ વગરની શાહી બનાવવી અશક્ય છે એમ આજે સાબિતથયું છે.

રક્ષક : શાહી એ ઉદ્‌ભિજ (Organic–ઑર્ગૅનિક) પદાર્થ હોવાથી એમાં માઉલ્ડ્ઝ, બૅક્ટેરીઆ વગેરે જંતુઓ જલદી પડવાનો ભય રહે છે. આ જંતુઓ શાહીની સ્થિતિ ફેરવી નાખીને એમાં રજકણો લાવી દે છે, જેને પરિણામે તે પેન માટે ઉપયોગની રહેતી નથી. આ અટકાવવા માટે આજની શાહીઓમાં એના રક્ષણ માટે ફીનૉલ (કાર્બોલિક ઍસિડ) વપરાય છે. શાહીમાં ફીનૉલ નાખવાથી તેમાં જંતુઓ પડતા નથી અને તેથી એ ઘણો લાંબો વખત રહી શકે છે. ફીનૉલની જગ્યાએ સ્પિરિટ કે દેશી દારૂ પણ વાપરી શકાય.

રંગ : તેજાબી વર્ગનો (ઍસિડ ક્લાસનો) કોઇ પણ વાદળી રંગ હોય તો ચાલી શકે. શાહી માટે સૅાલ્યુબલ બ્લ્યુ કે પેટન્ટ બ્લ્યુ ઉત્તમ છે. આ રંગ કોઇ પણ રંગ વેચનારને ત્યાંથી મળી શકશે.

ઉપરના પદાર્થોનાં પ્રમાણ :

૨૩·૫	ભાગ	ટૅનિક ઍસિડ—માયાંનું સત્વ.
૭·૫	,,	ગૅલિક ,, ,,
૭	,,	મીઠાનો જલદ તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ)
૧૦	,,	બાવળનો ગુંદર
૩૦	,,	હીરાકશી (ફેરસ સલ્ફેટ)
૨૫	,,	ઍસિડ વર્ગનો વાદળી રંગ
૨	,,	ફીનૉલ (દારૂ કે સ્પિરિટ હોય તો ૮–૧૦ ભાગ)
૯૩૭	ભાગ	પાણી

પ્રથમ ટૅનિક ઍસિડ અને ગૅલિક ઍસિડને કોકરવરણા પાણીમાં ઓગાળો અને ગુંદરને ઠંડા પાણીમાં ઓગાળો. ટૅનિક અને ગૅલિક ઍસિડનું દ્રાવણ ઠંડું પડે ત્યારે ગુંદરના દ્રાવણને એમાં મેળવી દઈ તેમાં ઉપર મુજબનો મીઠાનો (જલદ) તેજાબ ઉમેરો. હવે ઠંડા પાણીમાં ઓગળેલી હીરાકશીને ઉપરના દ્રાવણમાં મેળવી દો એટલે દ્રાવણનો રંગ તરત જ બદલાઈ જશે. દ્રાવણમાં ટૅનિક ઍસિડ અને હીરાકશી બંને વચ્ચે રાસાયણિક [અનુસંધાન પાછળ પૃ. ૨૭૪મે]



માધુકરી

તમે કારાગારે?
અમારી આંખોનું બધું ય હીર જ્યારે ફિટી ગયું,
અમો પંગૂકેરું ચરણબલ જ્યારે ખૂટી રહ્યું,
અમારી છાતીનું ધમણ પણ નિ.શ્વાસભરિયું,
અરે! જ્યારે ધીખે અમ જઠરભઠ્ઠી અનશને,
અને અંધારામાં ગહન વિણઆધાર ડૂબતા
અમે જાતે સર્જ્યાં અઘ-કુટિલસ્વાર્થી-વિષયનાં
અરણ્યોમાં જ્યારે નિજનિજ હુંકારે ભટકિયે;
—યુગર્ષિ, ત્યારે, હે!
તમે કારાગારે?

—હસિત હ. બૂચ


રીઝર્વ બૅંકના પહેલા હિંદી ગવર્નર

શ્રી ચિંતામણ દ્વારકાનાથ દેશમુખ, સી. આઇ. ઈ.

અતિ ટૂંક વખતમાં જેમની (પહેલા હિંદીની) સહીવાળી કરન્સી નોટો આપણા હાથમાં ફરતી થશે તે શ્રી ચિંતામણ-દ્વારકાનાથ દેશમુખને વિષે આપણામાંના ઘણા આજ સુધી અનભિજ્ઞ છે. અનેકવિધ શાખામાં પ્રસરેલી બુદ્ધિમતા અને વિશાળ જીવનક્ષેત્રમાં ઉભરાતી પ્રતિભાથી દીપતા આ ભારતીય નરરત્નનો પરિચય હિંદી જનતાને ગૌરવ અને અભિમાન ઉપજાવે એવો છે. રીઝર્વ બૅંક ઑવ ઇન્ડિયા, એ ભારતીય અને આંતરરાષ્ટ્રીય નાણાંવ્યવહારમાં અત્યંત મહત્ત્વની સંસ્થા છે અને એ સંસ્થાના તેઓ સર્વોચ્ચ અધિકારી—ગવર્નર—બન્યા છે એ સર્વથા ઉચિત જ છે; કેમકે એક અતિશય કુશાગ્રબુદ્ધિના અર્થવ્યવહારનિપુણ તરીકે દેશપરદેશમાં તેમની ખ્યાતિ છે. ગયા ઑગસ્ટમાં એમની નિમણૂક જાહેર થઇ ત્યારે એમના પર અભિનંદનોના તારોનો તો જાણે વર્ષાદ થયો હતો. અને એમને અભિનંદપત્રો મોકલનારામાં બૅંક ઑવ ઇંગ્લંડ અને બૅંક ઑવ ચાયના જેવી જગનામી સંસ્થાઓના સંચાલકો હતા, ઈંગ્લિશ, અમેરિકન, ઑસ્ટ્રેલિયન અર્થશાસ્ત્રપ્રવીણો હતા.

આજે રીઝર્વ બૅંકના પહેલા હિંદી ગવર્નરપદે નીમાનાર એ દેશમુખ પ્રથમથી જ આવા પ્રકારના સર્વોચ્ચ માનના અધિકારી થતા આવ્યા છે. તેમનાં માતાપિતાના તે સૌથી મોટા પુત્ર. ૧૪મી જાન્યુઆરી ૧૮૯૬ના રોજ તેમનો જન્મ. છત્રપતિ શિવાજીની રાજધાની રાયગઢની બાજુમાં નાતેં નામનું ગામડું તેમનું જન્મસ્થાન, અને કોલાબા જિલ્લામાં આવેલું રાહેં ગામ એ એમના દેશમુખ કુટુંબનું વસતિસ્થાન. તેમના પિતા કૈ. દ્વારકાનાથ પંતને પહેલેથી જ શિક્ષણ માટે ખૂબ ધગશ હતી. એ પોતે પણ નાનપણથી જ શિક્ષણ માટે પૂના જતા રહ્યા હતા અને ત્યાંથી હાઇકોર્ટ પ્લીડર થઈ આવેલા. કોલાબા જિલ્લામાં જ અને મોટે ભાગે રાહેંમાં જ તે છેવટ સુધી વકીલાત કરતા રહેલા.

પુત્રને પણ ઉચ્ચ શિક્ષણ આપી જગમાં નામ કરે એવો કરવાની તેમની તીવ્ર લાલસા હતી અને પુત્રે તેમની તે ઈચ્છા પૂર્ણ પણે સિદ્ધ કરી. પુત્ર નાનપણથી જ પ્રતિભાવાન હતો, એટલે પિતાનો વિચાર તેને આઇ. સી. એસ. કરવાનો હતો. પણ દેશમુખ જેવા મધ્યમ વર્ગના કુટુંબ પાસે આઈ. સી. એસ. જેવું શિક્ષણ લેવા જેટલા પૈસા ક્યાંથી હોય? શિષ્યવૃત્તિઓ, પારિતોષિકો વગેરેના જોર પર દેશમુખે હિંદુસ્તાનમાં મળતું વિદ્યાર્જન તો કરી લીધું. વિલાયત જઇને માત્ર શિષ્ય-



(બ્લૉક · કિર્લોસ્કરના સૌજન્યથી)

વૃત્તિ પર નભાય નહિ, એટલે તે માટે ઠીકઠીક કરજ કરવું પડયું હતું. પણ ગમે તેમ કરી દેશમુખે પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડી.

વર્ગમાં પહેલો નંબર ભાઇએ કદી છોડયાં નહોતો; અને ૧૯૧૨ માં મૅટ્રિકના પરિણામમાં પણ તે પહેલા જ આવ્યા. સંસ્કૃતમાં સર્વથી અધિક ગુણ મળવાથી જગન્નાથ શંકર શેઠની બહુમાનભરી સ્કૉલરશિપના તે પાત્ર થયા. એ સિવાય બે બીજી સ્કૉલરશિપો પણ હાથ કરી. તે વખતે તેમનું વય સોળ વર્ષનું માત્ર હતું. પણ એ વિષયમાં ખરી વાત તો એમ હતી કે આ પરીક્ષા તેમણે ૧૩મે વર્ષે જ પાસ કરી હોત, પરંતુ તે કાળે સોળ વર્ષ પહેલાં મૅટ્રિકની પરીક્ષા આપી જ ન શકાય એવો ધારો હતો, એટલે ત્રણ વર્ષનો તો સમય પરીક્ષા ગુફાના દ્વારે બેસીબેસી એમણે પૂરો કર્યો.

ફર્સ્ટ ઈઅર આર્ટ્સની પરીક્ષામાં પણ તે પહેલા આવ્યા ને મુંબાઇ યુનિવર્સિટી તેમજ એલ્ફિન્સ્ટન કૉલેજની મળી એકદમ ચાર સ્કૉલરશિપો પટકાવી. ઈન્ટરમાં પણ તે પહેલા વર્ગમાં પહેલા આવ્યા અને યુનિવર્સિટી તેમજ કૉલેજનાં મળી ત્રણ પારિતોષિકો જીત્યાં.

૧૯૧૫ની સાલ એટલે ગયા મહાયુદ્ધનો ધમધમતો કાળ. જે વખતે યુદ્ધના વંટોળમાં આખો યુરોપ સપડાયો હતો, તે વખતે દેશમુખ ઇંગ્લંડ જવા નીકળ્યા. આજે મુંબાઇ હાઇકોર્ટના ન્યાયાધીશપદે આવેલા નામદાર ન્યાયમૂર્તિ ગણપતરાવ રાજાધ્યક્ષ પણ તે જ વખતે ઈંગ્લંડ ગએલા. ત્યાં અત્યંત નિકટ સહજીવન ગુજારતાં એ બંને વચ્ચે થએલી મૈત્રી આજ પણ અખંડ છે.

દેશમુખે કૅમ્બ્રિજ યુનિવર્સિટીની જીસસ કૉલેજમાં બી.એ માં પોતાનું નામ દાખલ કરાવ્યું અને નૅચરલ સાયન્સ (પ્રકૃતિવિજ્ઞાન) ના વિષયમાં ટ્રાઇપૉસ મેળવ્યો. વનસ્પતિશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર એ સર્વ વિષયોમાં તે પહેલા આવ્યા અને ત્યાંથી પણ અનેક શિષ્યવૃત્તિ અને ઈનામો તેમણે મેળવ્યાં. બી. એ. પસાર કર્યા પછી તે આઇ. સી. એસ.નો અભ્યાસ કરવા લાગ્યા. તેમનો આઇ. સી. એસ.નો યશ પણ સંગેમરમરના મંદિર ઉપર સુવર્ણકળશ ચડે એવો ઉજ્જ્વલ અને વૈભવપૂર્ણ છે. ઇ. ૧૯૧૮માં એ પરીક્ષામાં પણ પહેલા આવી તેમણે એકંદરે ૩૫૨૦ ગુણ મેળવ્યાં. અક્ષરો માટે કપાએલા ૬૦ ગુણનો એમાં સમાવેશ થયો હોત તો સંખ્યા વધી પડત.

આ જ અરસામાં દેશમુખને પોતાની જીવનસંગિની પણ મળી ગઇ. મિસ રોઝીના સિલકૉકસ નામનાં તરુણી સાથે તેમને પરિચય થયો હતો. આવા સ્નેહસંબંધનું રૂપાંતર વિવાહબંધનમાં કરવું એ સરળ નથી. પોતાના તરફથી પરસ્પરને જન્મભર સુખ મળશે એવી ખાત્રી બંને જણને હતી; છતાં કુટુંબ, સમાજ, સંસ્કૃતિ વગેરે બાબતો વિચારવા જેવી હતી. દેશમુખે તેને પોતાની, પોતાના સમાજની અને દેશની પરિસ્થિતિ ઓખખીચટ સમજાવી હતી અને બંને પક્ષે સારાસારનો વિચાર કરીને જ લગ્નબંધન સ્વીકારી લીધું હતું.

દેશમુખના આ વિવાહની જાણ ઇંગ્લંડમાં રહેતા હિંદી સમાજને થઇ ત્યારે સર્વને આશ્ચર્યનો એક વિલક્ષણ ધક્કો લાગ્યો. પોતે ભલા અને પોતાનો અભ્યાસ ભલો, એવી એકમાર્ગી વૃત્તિના દેશમુખે અંગ્રેજ તરુણી સાથે વિવાહ કર્યો એ વાત કેટલાકને તો ખરી જ નહોતી લાગતી. અને થોડા વખત પછી ઘણાકે તો આ લગ્ન તરફ પોતાની નાપસંદગી પણ દર્શાવેલી. જોકે ન્યાયમૂર્તિ રાજાધ્યક્ષ અને આજે હિંદી સરકારના એક અર્થસલાહકાર બનેલા શ્રી જ. વી. જોશી જેવા તેમના નિકટના મિત્રોને તો આમાં કંઈજ નાપસંદ કરવા જેવું લાગ્યું ન હતું. અને ખરેખર, ગયાં વીસ-બાવીસ વર્ષનો કાળ દેશમુખ પતિપત્નીએ અતિ ઉત્કટ પ્રેમભાવે વીતાવ્યો છે. તેમનું વૈવાહિક જીવન નમૂનેદાર ગણાય એવું છે. એમને પ્રિમરોઝ નામની એક પુત્રી છે જે હાલ શિક્ષણાર્થે ઈંગ્લંડમાં રહે છે. તેને મળવા શ્રીમતી દેશમુખ ૧૯૩૯ના એપ્રિલમાં ગએલાં, પણ તે આવે તે પહેલાં સપ્ટેમ્બર માસમાં લડાઈ જાગી એટલે ત્યાં જ રહી પડયાં. ૧૯૪૦ના એપ્રિલમાં તેમને હિંદુસ્તાન તેડી લાવવા દેશમુખ ઇંગ્લંડ ગએલા, પણ તેવામાં જ ફ્રાન્સ પડયું અને ઇટાલી યુદ્ધમાં પ્રવેશ્યું, એટલે પ્રવાસ જોખમી બની ગયો અને પોતે એકલા જ પાછા આવ્યા. હવે થોડા જ વખત પછી કુટુંબ એકઠું થશે.

આઇ. સી. એસ. થઇને ૧૯૨૯માં દેશમુખ હિંદુસ્તાન આવ્યા કે તરત મધ્યપ્રાંતમાં નિમણૂક થઈ. નોકરીમાં જોડાતાંવેંત જ તેમણે હિંદી અને સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વ માટે ૩૫૦૦ રૂપિયાની બક્ષિશો દોઢ વર્ષમાં જ મેળવી. જાણેકે પારિતોષિકો ઝડપવાનું તેમને વ્યસન જ પડયું ન હોય! ઘણાયને લાગે છે કે દેશમુખને પ્રાપ્ત થએલી આ પ્રખર બુદ્ધિમત્તાની બક્ષિશ દૈવી છે! પણ તે પોતે કોઈકોઈ વાર કહે છે કે એમાં દૈવી કશું નથી. આળસ ન કરતાં હું એકસરખું કામ કરતો રહ્યો છું. પદ્ધતિસર અને નિયમિતપણે પોતાનું કામ બરોબર બજાવવું એ મારૂં કર્તવ્ય સમજું છું. અને ખરેખર, એ જે શ્રમ કરે છે તે જોતાં અને આજસુધી ચીવટથી જાળવી રાખેલો એમનો વિદ્યાનો વ્યાસંગ જોતાં લાગે છે કે તેમણે પોતાની ખડતલ તપશ્ચર્યાના બળ ઉપર જ પોતાની સિદ્ધિ મેળવી લીધી છે. હાઈસ્કૂલમાં હતા ત્યારે પ્રો. રા. કૃ. લાગુ જેવા ગુરુ એમને મળી ગયા એ એક વિરલ સદ્ભાગ્ય હતું. કેટલાંક વર્ષ તો લાગુના ઘરમાં જ (દેશમુખના શબ્દોમાં કહીએ તો ગુરુકુળમાં જ) એ અભ્યાસ કરતા રહ્યા હતા. લાગુનું શિક્ષણ અને શિસ્ત બંને અતિશય કડક ગણાતાં; પણ એ કડક શિસ્ત દેશમુખે પાળી અને ગુરુઆજ્ઞા સદા શિરસાવંદ્ય માની તે પ્રમાણે વર્તવામાં તેણે કદી કસૂર નહોતી કરી. અંગ્રેજી, સંસ્કૃત, ગણિત ઇત્યાદિ વિષયોમાં ચૌદ-પંદર વર્ષે જે અસાધારણ પ્રભુત્વ મેળવ્યું, તે એ ગુરુની દેખરેખ નીચે કરેલા આત્યંતિક પરિશ્રમના જોમ પર જ.

અને અડગ વ્યાસંગ એ પણ એમનો બીજો ગુણ છે. અમુક વાત કરવી એવું મનમાં ઠર્યું, કે રાતદિવસ તેના ચિંતન અને અભ્યાસમાં દેશમુખ લાગુ જ રહેતા. ભલે સાદી જ વાત હોય. હાઈસ્કૂલમાં ભણતા તેના ભાઈથી એકાદ દાખલો થાય નહિ ત્યારે તરત તે પોતે કરી આપતા, અને કદી તેટલો યે વખત ન હોય તો મનમાં રાખી મોટરમાં જતાંજતાં તેનો જવાબ લાવે અને પછી ટેલિફોનમાં કહે, 'જો સાંભળ ઉષા, એ દાખલો બેસી ગયો છે. કેમ જવાબ આવ્યો તે કહું છું...'

વચગાળામાં તેઓ કેટલાક દિવસ કલકત્તામાં હતા. રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિવરે જે ભાષાનો વૈભવ પરાકોટી પર ચડાવ્યો તે બંગાળી ભાષા આપણે શીખવી જોઇએ, એવું તેમણે ધાર્યું; અને પછી ત્રણ મહિનાની મુદતમાં તો એ ભાષામાં પુષ્કળ પ્રગતિ કરી નાખી; એટલે સુધી, કે ૧૯૪૧માં તે કવિવર ટાગોરને મળ્યા તે સમયે તેમની સાથે બંગાળીમાં જ તેમણે વાત કરી અને એવા શ્રેષ્ઠ કવિને પોતે મળવા ગયા ત્યારે ખાલી હાથે નહિ. એક અતિશય સુંદર સંસ્કૃત કાવ્ય રચીને તેમણે કવિશ્રીને વધાવ્યા. ટાગોરને તે કાવ્યોપહાર એટલો ગમ્યો કે એ બોલ્યા: 'દેશમુખ, તમે મને ફરીફરી મળતા જ રહેશો તો મને બહુ આનંદ થશે.'

આજે તેમનું સંસ્કૃત ભાષાનૈપુણ્ય અત્યંત પ્રશંસનીય છે. શાકુન્તલ, મેઘદૂત આદિના શ્લોકો આજે પણ અખંડ ધારે એક પણ ક્ષતિ વિના બોલી જવા એમાં એમને મન કાંઇ વિસાત નથી. વાતવાતમાં તે સંસ્કૃતમાં સુંદર ચરણ પણ રચી શકે છે.

'જ્યાં જાઉં ત્યાં મને ભાષા અને સાહિત્યના વિષયમાં મૂળથી જ શોખ છે' એમ તેમણે એક વાર કહ્યું હતું. સરકારી નોકરી અને તેમાંયે અને બૅંકિંગ જેવા વિષયોનો તેમને વધારે સંબંધ રહ્યો, એટલે સહજરીતે જવાબદારીનાં કામો આડે સાહિત્ય તરફ લક્ષ આપવાને સમય મળવો શક્ય નહિ. એમ છતાં તેમણે વિવિધ ભાષામાં સારો પરિચય પ્રાપ્ત કર્યો છે. તેમની લાયબ્રેરીમાં નજર નાખીએ તો સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, બંગાળી, હિંદી, અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન ભાષાઓ મા જણી બેનો જેવી એકમેકને વળગીને બેઠેલી જણાશે. હિંદી ભાષા તો તેઓ અસ્સલ હિંદી ઢાઠથી બોલે છે. મુંબાઇમાં આવીને ખપ પૂરતું ગુજરાતી પણ શીખી લીધું. ફ્રેન્ચ અને જર્મન ભાષા તેમણે ક્યારે શીખી લીધી તે તો તેમને જ ખબર છે.

દેશમુખે કેટલાંક સંસ્કૃત કાવ્યો રચ્યાં છે, થોડીઘણી મરાઠી કવિતા પણ કરી છે; પણ સંસ્કૃત તરફ તેમનું અધિક વલણ છે. તેમણે કાલિદાસના મેઘદૂતનો સમશ્લોકી સમવૃત્ત મરાઠી અનુવાદ કર્યો છે. ફક્ત ખાનગી પ્રચાર માટે તેની થોડીક જ નકલો છપાવી હોવાથી તેમના સ્નેહી સ્વકીયોને જ એ વાંચવા મળ્યો છે; પણ અનેક વિદ્વાન પંડિતોએ આ ભાષાંતર સુંદર અને સરસ હોવાની ગવાહી આપી છે.

આર્થિક વ્યવહાર અને અર્થશાસ્ત્ર જેવા રુક્ષ વિષયો સાથે જેનો પ્રતિદિનનો સંબંધ, એવા દેશમુખને વાઙ્મય ઉપર જ આવો ઉત્કટ પ્રેમ છે એમ નહિ; તે ઊંચા કલારસભિજ્ઞ પણ છે. હિંદી કલાકારોનો ઉત્કર્ષ અને બહુમાન થાય એવી તેમની પ્રબળ આકાંક્ષા છે. હમણાં જ થોડા વખત પર 'આર્ટ સોસાયટી ઑવ ઇન્ડિયા'ના પ્રદર્શનના તેઓ મુખ્ય આશ્રયદાતા બન્યા અને પોતાના અન્ય સ્નેહી મિત્રોને પણ તેમાં જોડ્યા, એટલું જ નહિ પણ થોડી કલાકૃતિઓની પસંદગી કરી પોતાના સંગ્રહ માટે ખરીદી.

આવા સર્વતોમુખી નરપ્રવરને કારણે ભારતીય જનતાનું મુખ સમુજ્જ્વલ બન્યું છે.

—ર. મ રા.

(મરાઠી માસિક 'કિર્લોસ્કર' માંના શ્રી વ્યં. ન. કુલકર્ણીના લેખ ઉપરથી)

ધાઉ

તોતિંગ એન્જિનો, ભવ્ય તુતકો, આધુનિક યંત્રો કે નકશા વગર જૂની ઢબનાં વહાણો આજે પણ હિંદી મહાસાગર ખૂંદીને હિંદ અને પૂર્વ આફ્રિકાના કાંઠા વચ્ચે અવરજવર કરી રહ્યાં છે. આફ્રિકાને કાંઠે પશ્ચિમની પ્રજાઓમાંથી પહેલો પગ મૂકનાર પોર્ટુગીઝો હતા; પણ તેઓનાયે અગાઉ ઘણાં વર્ષોથી આ વહાણો એ રસ્તે આવજા કરતા હતાં, અને આજે પણ જંગબાર, મોમ્બાસા અને ઈરાની અખાત વચ્ચે આવજા કરી રહ્યાં છે.

આ વહાણોને 'ધાઉ' કહે છે. સદીઓ પૂર્વે જેવાં તેમના દેખાવ અને બાંધણી હતાં, તેમાં આજ સુધીમાં ન જેવો જ ફરક પડ્યો છે. આજનાં ઝડપી યાંત્રિક વાહનો આગળ વેપારી પ્રગતિની દૃષ્ટિએ આ ધીમાં અને સાધનવિહીન ધાઉ ક્યારનાં બંધ પડી જવાં જોઇએ, છતાં તેઓ પૂર્વેના સ્થપાએલા માર્ગ ઉપર એટલી જ અચળતાથી આજે પણ અવરજવર કરી રહ્યાં છે!

ઈરાની અખાતથી દર વર્ષે જંગબાર કે મૉમ્બાસા નાંગરતાં આ વહાણો ભાગ્યે જ દસ ટનથી વધુ વજનનાં હશે. તેમના નાવિકો સાગરના શૂરા સપૂતો હોય છે. એક વાર કોલમ્બોના બારામાં માલદ્વીવથી આવેલું એક વહાણ જોવા હું ખાસ ગયો હતો તેનો કુવાથંભ નાળિએરીના થડનો હતો; તેના સઢ સાદડીઓના બનેલા હતા; પાણી ભરી રાખવા માટે સાધારણ કદના કેટલાક બાટલાઓ હતા, જે પણ વહાણ બંદરમાં પહોંચ્યું ત્યારે ખાલી થઈ ગયા હતા, તેના ખલાસીઓએ એ સફર પહેલી જ વાર કરી હતી, છતાં કંઈ પણ અસાધારણ બન્યું ન હોય તેમ તેઓ આનંદી લાગતા હતા! આવું સાહસ પશ્ચિમના કોઈ નાવિકોએ બતાવ્યું હોત તો તેના સમાચાર છાપાંઓમાં મોટાંમોટાં મથાળાં હેઠળ પ્રગટ થાત. પરંતુ પૂર્વ એ પૂર્વ જ છે.

માલદ્વીવના વહાણવટીઓ અવારનવાર ટોળે મળીને પ્રવાસ ખેડે છે. આવો કાફલો મધ્ય દરિયામાં ઘણીવાર નજરે પડે છે. રાત્રિએ સૌથી જમણી અને ડાબી તરફનાં છેવાડેનાં વહાણો મશાલ સળગાવીને વચ્ચેનાં વહાણોને એકત્ર રાખે છે. માલદ્વીવના કેટલાક વહાણવટીઓએ આધુનિક યંત્રોની નકલ કરેલી છે ને એનો ઉપયોગ પણ કરી રહ્યા છે, પરંતુ હજી આરબો, સ્વાહિલીઓ ને અન્ય હિંદીઓ કને એવાં સાધન નથી. છતાં તેઓ હજારો માઇલોનો પ્રવાસ કરી રહ્યા છે.

એ કેમ બની શકે? પશ્ચિમના લોકોને મન આ એક ભેદભરેલો પ્રશ્ન છે. તેનો સંતોષકારક ઉત્તર કોઈ પણ આપી શકતું નથી. તેઓ માનવા લાગ્યા છે કે પૂર્વના નાવિકો અનુમાન અને અનુભવ પર આવા લાંબા પ્રવાસો ખેડે છે અને નસીબ પાધરાં હોય તો જ ધારેલે સ્થળે પહોંચે છે, નહિતર મહાસાગરના પેટાળમાં અદૃશ્ય થઇ જાય છે. પરંતુ આ નાવિકો ખાલી અનુમાન પર આટલો લાંબો પ્રવાસ નથી ખેડતા. તેઓ પાકા, ખડતલ ને અનુભવી હોય છે. તારાઓ જોઇને ક્યા તારા નીચે કયું સ્થળ આવેલું છે તે તેઓ સહેલાઈથી કહી શકે છે.

પશ્ચિમના વહાણવટીઓને જ્યારે સૌથી પહેલો આરબ વહાણવટીઓનો ભેટો થયો ત્યારે તેઓએ આરબો પાસે લોહચુંબકવાળી સોયો જોઈ હતી, જે વડે તેઓ દિશા નક્કી કરતા હતા, પરંતુ આજે આપણે સેંકડો આરબ ધાઉ જોઇએ છીએ, જેઓ કશા પણ સાધન વિના સાગરોની લાંબીલાંબી સફરો ખેડી રહ્યાં છે.

સૂર્ય, તારા ને ઋતુઓનો અનુભવ એ વહાણવટીઓના ભોમિયા છે. સૂર્યના ઉદય ને અસ્ત વેળાના દેખાવ પરથી દિવસ અને રાત્રિની ભીની અથવા સૂકી હવાની તેઓ ગણત્રી કરી શકે છે. કૂજાઓમાં માત્ર પાણી હોય તો પછી પવન અને ઝંઝાવાત વહાણને ગમે તેમ દૂર લઈ જાય તેથી આ વહાણવટીઓ ગભરાતા નથી; સાથે અનાજ હોય તો અઠેવાડિયાની ઢીલ એ તો સાવ સામાન્ય બનાવ છે.

દરિયામાં ભૂત, પિશાચ અથવા શયતાન રહે છે એવી વાતમાં આરબ વહાણવટીઓ માનતા નથી, અથવા જેઓ માનતા હોય તેઓ ડરતા નથી. 'બની આદમ' એટલે મનુષ્ય 'અશરફુલ મખ્લુકાત' એટલે ખુદાની પેદાશમાં સૌથી સર્વોતમ છે તો પછી તેને કોનો ડર છે? આરબ વહાણવટી હિંમતપૂર્વક એ શબ્દો ઉચ્ચારશે. અને ખરેખર તેઓને એવી કોઇ વાત ડરાવી શકતી નથી.

હિંદી નાવિકો દરિયાપીરને નાળીએર, ફૂલ, ઇત્યાદિ ચડાવીને, સ્વાહિલીઓ પડઘમ અને ગીતો વડે ને આરબો અલ્લાહો અકબર ને 'બિસ્મિલ્લા,હિર રહમાનિ ર્રહીમનો ઉચ્ચાર કરીને સફર શરૂ કરે છે.

હજીએ એવાં વહાણો બંધાય છે જેમાં લોખંડનું નામ સરખું ન હોય. આ તરફનાં એવાં વહાણના નાવિકો એવો ખ્યાલ ધરાવે છે કે દરિયામાં ક્યાંક એવો પહાડ છે કે જેના બાજુમાંથી થઇને નીકળતાં વહાણોનું દરેક લોખંડ એ પહાડ તરફ ખેંચાઇ જાય છે અને તેની સાથે અથડાઈને વહાણનાં પાટીએ પાટીઆં છુટાં પડી જાય છે! અરેબિયન નાઇટ્સમાં આવી જ એક વાર્તા છે. શું એ વાર્તાની શરૂઆત આફ્રિકાના પૂર્વ કાંઠા તરફથી થઇ હશે? બનવાજોગ છે કે સંખ્યાબંધ વહાણો ગુમ થઈ જવાનાં કારણો ન મળવાને અંગે આવી વાર્તા ઉત્પન્ન થઈ હોય; પરંતુ આખા લાકડકામનું વહાણ ચોક્કસ ટકાઉ નીવડે છે એ શક વગરની વાત છે.

માઇક્રોફોન ઘેર બનાવો

નાનપણમાં આપણામાંના ઘણાએ દીવાસળીનાં ખોખાંની મદદથી ટેલિફોન બનાવી વાતચિત કરવાનો પ્રયત્ન કર્યો હશે. એ પ્રયત્ન બિલકુલ હાસ્યજનક હતો એમ કહી શકાય નહિ, કેમકે એની પાછળ પણ પદાર્થવિજ્ઞાન (physics)નો સિદ્ધાંત તો રહેલો હતો. તેમાં આપણે હવાને બદલે દોરીને માધ્યમ (medium) બનાવી વાત કરતા હતા. પણ એ જાતનો ટેલિફોન ઘરમાં ગોઠવી શકાય નહિ, કેમકે તેમાં વ્યવહારૂ મુશ્કેલીઓ ઘણી છે.

ટેલીફોનનાં મુખ્યત્વે બે વસ્તુઓની જરૂર હોય છે: એક તો અવાજ મોકલવાનું યંત્ર, જેને ટ્રાન્સમિટર અથવા માઇક્રોફોન કહેવામાં આવે છે તે; અને બીજું અવાજ ઝીલવાનું યંત્ર, જેને ઈયરપીસ અથવા રિસીવર કહેવામાં આવે છે તે. પ્રથમ આપણે માઈક્રોફોન કેમ બનાવવું એ વિચારીએ. તૈયાર માઇક્રોફોન ઘણી જાતનાં આવે છે, અને જોકે તે ઘણા વખત સુધી સારૂં કામ આપે છે, પણ તે દરેકના ગજવાને પોસાય તેવાં હોતાં નથી. તેથી આપણે સાદામાં સાદું માઇક્રોફોન કેમ બનાવવું તે જોઇએ.

પ્રથમ એક ૨½ ઇંચ લાંબો–પહોળો સમચોરસ દેવદારના પાટિયાનો ટુકડો લો. હવે એ જ માપનું એક પ્લાઈવૂડનું પાટિયું લો. આ પાટિયું ત્રણ પ્લાઈનું હશે તો સારૂં કામ આપશે હવે દેવદારના પાટિયાની વચમાં બે ડગળીઓ મારી, તેની વચ્ચે પ્લાઈવૂડના પાટિયાને ઊભું કરો. આટલું કર્યાં પછી, ક્યાંકથી સાધારણ કદની બે જૂની ડ્રાયસેલ (બૅટરીઓ) લાવો, અને તેને સાચવીને તોડી, અંદરથી કારબનના સળિયા (carbon rods) કાઢી લો. ચોરસ બૅટરીમાંથી કાઢેલા કારબનરૉડ પણ ચાલી શકશે. આવા બે કારબન લો પછી પ્લાઈવૂડના પાટિયાની બરાબર વચમાં, એક એક ઇંચને અંતરે, અંદર એ કારબન બરાબર ફિટ આવે તેવાં બે કાણાં પાડો, અને તેમાં બંને કારબન બેસતા કરો. જે કારબન તમે આ રીતે બેસાડો તેની પિત્તળની ખોળીઓ કાઢી લીધેલી ન હોવી જોઈએ. હવે એક ત્રીજો કારબન લો અને તેને બંને છેડે ઘસીને અણીદાર બનાવો. પછી જે બે કારબન તમે પ્લાઇવૂડમાં બેસાડેલા હોય તેમાં સારડીથી થોડોક ખાડો પાડો અને તેમાં બંને બાજુએ અણીવાળો આ ત્રીજો કારબન બેસાડી દો. આ તમારૂં માઈક્રોફોન તૈયાર થયું. આવા માઇક્રોફોનની સફળતાનો ઘણોખરો આધાર બે કારબનના ડેલિકેટ સેટિંગ ઉપર છે એ ધ્યાનમાં રાખવું.

હવે તેમાંથી કનેકશન લેવા માટે, કારબનની પિત્તળની ખોળીઓને એક એક ફૂટના બે ફ્લેક્સિબલ વાયર રેણ કરો, અથવા સજ્જડ રીતે બાંધો. જો તમારે ત્યાં રેડિયો હોય તો એનાં બે પિકઅપ લગાડવાનાં કાણાંમાં આ બે તાર ખોસી દો. પછી માઇક્રોફોનની નીચેના પાટિયા ઉપર એક ઘડિયાળ મૂકશો તો ઘડિયાળનો અવાજ અનેકગણો મોટો થઈને રેડિયોમાં સંભળાશે. જો બધું સમજપૂર્વક કર્યું હશે તો માઈક્રોફોનની આગળ બોલેલું રેડિયોમાં સાંભળી શકાશે. જોકે દરેક માઇક્રોફન રેડિયોમાં જોડતાં પહેલાં વચમાં ટ્રાન્સફૉર્મર મૂકવું પડે છે; એટલે ટ્રાન્સફૉર્મર મૂકયું હોય તો વધુ સારૂં કામ આપે. ('વીજળીની દુનિયા')

—પ્રબોધચંદ્ર શા. વૈદ્ય

લડાયક ઊંદરડો

ઊંદરની જુદીજુદી અનેક જાતો થાય છે, પણ તેમાં હૅમ્સ્ટર (Hamster) નામે ઓળખાતી જાત બેનમૂન છે યુરોપમાં ડાન્યૂબના તીરપ્રદેશમાં તથા એશિયામાં સાઈબીરિયામાં એ મળી આવે છે. ખાવું અને લડવું એ બે જ કાર્યો વચ્ચે જાણે એની જિંદગી વહેંચાઈ ગઇ છે. પોતાના માર્ગમાં આવતા ગમે તે પ્રાણી સાથે, તેની બલિષ્ઠતાનો કશો ખ્યાલ કર્યા વિના, તે બાખડી પડે છે; અને એક વાર રણમેદાને પડ્યા પછી પાછી પાની તો કરવી જ નહિ એવા વીર સિદ્ધાંતને એ વરેલો હોઈને, ટુકડે ટુકડા થઈ જતાં સુધી એ લડયે રાખે છે. માણસને પણ એ ચોંટ્યો કે પછી એની દાઢ મૂએ જ ઢીલી પડવાની. ઘોડા જેવા કદાવર પ્રાણીનો પણ કશો ભય તેને નથી લાગતો. કોઈ સામે મળ્યું તો પોતાનાં ગલોફાં ફુલાવીને તે એકદમ બે પગે થઈ જાય છે અને સીધો તેના પર ધસી જાય છે. માત્રબીજાં પ્રાણીઓ સાથે જ નહિ પણ પોતાના જાતભાઇઓ સાથે પણ તે હમેશાં જંગ મચાવતો રહે છે.

—'પ્રકર્ષ'

કેટલાંક પરિમાણો

એક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીએ નીચેનો કોઠો તૈયાર કર્યો છે:

પરિમાણના આંકડા	માપની વસ્તુ કે પદાર્થનું નામ
.૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૬ તસુ	વિદ્યુદ્‌કણ–'ઇલેકટ્રોન'
.૦૦૦,૦૦૦.૦૦૦,૦૦૬ તસુ	. . . . . .
.૦૦૦,૦૦૦,૦૦૦૬ તસુથી .૦૦૦,૦૦૦,૦૬ તસુ લગી	પરમાણુ —'ઍટમ'
.૦૦૦,૦૦૬ તસુ	સાબૂના પરપોટાનું પડ
.૦૦૦૬ તસુ	ટિશ્યુપેપરની જાડાઈ
.૦૬ તસુ	. . . . . .
૬.૩ તસુ	સાધારણ ઇંટની લંબાઈ
૬૩૩૬ તસુ= .૦૧ માઈલ	સાધારણ ઘરની પહોળાઇ
૧ માઇલ	. . . . . .
૧૦૦ માઈલ	અમદાવાદથી ભરૂચ જેટલું
૧૦,૦૦૦ માઇલ	પૃથ્વીનો વ્યાસ
૧૦,૦૦,૦૦૦ માઇલ	૪૦ વાર પૃથ્વીની પ્રદક્ષિણા
૧,૦૦,૦૦૦.૦૦૦ માઇલ	પૃથ્વી ને સૂર્ય વચ્ચેનું અંતર
૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ	સૂર્યમંડળનો વ્યાસ
૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ	. . . . . .
૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦માઈલ અર્થાત્ ૧૭ પ્રકાશ–વર્ષ	પાસેમાં પાસેના તારાનું અંતર
૧૭૦૦ પ્રકાશ-વર્ષ	સ્થાનિક તારાગણનો વ્યાસ
૧,૭૦,૦૦૦ પ્રકાશ-વર્ષ	'કૉસમૉસ'-વિશ્વનો–વ્યાસ
૧,૭૦,૦૦,૦૦,૦૦૦ પ્રકાશ-વર્ષ	૧૦૦ તસુના વ્યાસવાળું દૂરદર્શક યંત્ર જ્યાં લગી જોઇ શકે તેથી ૬ ગણું અંતર
૧૭૦,૦૦૦,૦૦૦,૦૦૦ પ્રકાશ–વર્ષ	આઇન્સ્ટાઇનના બ્રહ્માંડનો વ્યાસ

(કૌમુદી)

—કાન્તિલાલ પંડ્યા

નવાં પુસ્તકો

આણંદની ખેતીવાડી સંસ્થા તરફની બે પુસ્તિકાઓ: Indepe-ndence in Inheritance of the Loose Smut Reaction and Lemma Colouration in an Oat Cross; અને The Second Annual Report. એ વિષયમાં રસ ધરાવનારને માટે ઉપયોગી છે **હાસ્યગંગા:** રમૂજી ટુચકાઓનો સંગ્રહ: લેખક–રમણલાલ નાનાલાલ શાહ, પ્રકાશક-બાલજીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા, ૦–૧૨–૦; **ધરતીને ખોળે :** ટૉલ્સ્ટૉયની 'એક માણસને કેટલી જમીન જોઇએ?' એ નામની જાણીતી ટૂંકી વાર્તાનો શ્રી ચુનીલાલ વર્ધમાન શાહે કરેલો સ્વતંત્ર અનુવાદ–પ્રકાશક, શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, હજીરાની પોળ, સાંકડીશેરી, અમદાવાદ.

આ માસ ઈતિહાસમાં

ડીસેમ્બર

જૂના રોમન કૅલેન્ડરમાં જ્યારે દસ જ માસ હતા ત્યારે આ માસ છેલ્લો દસમો હતો તેથી તેનું નામ (લૅટિન શબ્દ ડીસેમ=દસ ઉપરથી) ડિસેમ્બર કહેવાતું, જે હજી પણ,બાર માસનું વર્ષ થયા છતાં ચાલુ જ રહ્યું છે. યુરોપમાં આ માસે ભરશિયાળો હોવાથી તેને બરફાળ માસ, ધુમાડિયો માસ વગેરે નામો મળેલાં. સૅક્સનો તેને 'વિન્ટર-મૉનાથ' એટલે શિયાળાનો માસ અને 'હેલીગ મૉનાથ' હોલી મન્થ એટલે પવિત્ર મહિનો પણ કહેતા, કેમકે ઇશુખ્રિસ્તની જન્મજયંતી નાતાલ આ માસમાં આવે છે. આજે યે જર્મનો આ માસને 'ક્રિસ્ટમૉનાટ' કહે છે.

તા. ૬ પારસીઓએ પહેલવહેલો હિંદને કિનારે પગ મૂકયો, ઈ. ૭૧૫.

તા. ૯ નિઝામના મહેસૂલી વડા અને અલીગઢ યુનિ.ની પ્રવૃત્તિના એક અગ્રણી, નવાબ મોહસીન-ઉલ-મુલ્કનો જન્મ, ઈ. ૧૮૩૭. ગરીબ માબાપને ઘેર જન્મી, ઈસ્ટ ઇંડિયા કંપનીમાં કારકુન તરીકે જીવન શરૂ કરી ઈટાવાના તહેસીલદારપદે પહોંચનાર એ સૈયદ મેહદીઅલીને સર સાલાર જંગે ચૂંટી નિઝામની નોકરીમાં ઝડપી લીધેલા, જ્યાં તેને દરજ્જા સાથે નવું નામ મળ્યું. ૧૮૯૩માં નિઝામની નોકરીમાંથી નિવૃત્ત થઇ ૧૯૦૭માં મૃત્યુ થયું ત્યાં સુધી એમણે અલીગઢ યુનિવર્સિટીની પ્રવૃત્તિમાં જ પોતાનો બધો વખત આપેલો.

તા. ૧૨ અંગ્રેજ અમલ નીચે હિંદની રાજધાની કલકત્તાથી ખસેડી દિલ્હીમાં લાવવામાં આવી, ઈ. ૧૯૧૧.

તા. ૧૬ નૉર્વેજિયન દરિયાખેડુ સાહસ-સફરી રોઆલ્ડ આમુન્ડસેને દક્ખણ ધ્રુવ સર કરી ત્યાં પહેલો પગ મૂકયો. ઈ. ૧૯૧૧.

તા. ૨૨ કવિવર ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠની શાંતિનિકેતનમાં સ્થાપના, ઇ. ૧૯૧૧.

તા. ૨૫ મહામના, ભારતભૂષણ પં૦ મદનમોહન માલવીયજીનો જન્મ, ઈ. ૧૮૬૧.

તા. ૨૯ 'આઇરિશ ફ્રીસ્ટેટ'નો અંત આવી સ્વતંત્ર આયર્લૅંડનો 'આયર'ના નામથી નવજન્મ થયો, ઇ. ૧૯૩૭.

તા. ૩૦ ૧૮૫૭ના બળવામાં અંગ્રેજ સેનાપતિ સર કૉલિન કૅમ્પબેલને હાથે નાનાસાહેબનો પરાભવ થયો અને તે અદૃશ્ય થયા.

આ માસની વ્યક્તિવિશેષ

બાબુ રાજેન્દ્રપ્રસાદ

પોતાના ઉચ્ચ ત્યાગ અને મહાન સેવાઓ વડે 'બિહારના બેલી'નું બિરૂદ પામનાર એ



સેવામૂર્તિનો જન્મ બિહાર પ્રાંતના જીરાદેરી નામના ગામડામાં ૧૮૮૪ની ત્રીજી ડીસેમ્બરે થયો. એમના વડવાઓએ જુદાં જુદાં સંસ્થાનોમાં દીવાનગીરી કરેલી. પિતા મુનશી મહાદેવ સહાય એ નાના ગામમાં વૈદ હતા.

છસાત વર્ષની ઉમરે એક મોલવીને ત્યાં ફારસી ભણવા બેઠા અને પછી છપરા જિલ્લાની મુખ્ય શાળામાં દાખલ થયા. એમની બુદ્ધિ નાનપણથી જ તેજસ્વી હતી, અને એ એટલા અભ્યાસરત રહેતા કે શારીરિક વિકાસ તરફ બીલકુલ લક્ષ રહ્યું નહિ. આજનું એમનું દમપિડિત સુકલકડી શરીર એનું જ પરિણામ છે.

૧૯૦૨ની કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રસ પરીક્ષામાં બેઠેલા ૨૦ હજાર વિદ્યાર્થીઓમાં બિહારના ખૂણાના ગામડાનો આ વિદ્યાર્થી પહેલો આવ્યો. કૉલેજકાળમાં એમણે બીજી પ્રવૃત્તિઓમાં પણ મન પરોવવા માંડયું, જેમાં છાપાંઓનાં લેખો, સભાઓ અને ભાષણો ઉપરાંત ધાર્મિક જ્ઞાનપ્રચાર માટે સ્થપાએલી 'ડૉન સોસાએટી'નું કાર્યક્ષેત્ર મુખ્ય બન્યું અને તેના મુખપત્ર 'ડૉન' માસિકનું સંપાદન પણ એમણે કરવા માંડયું.

૧૯૦૬માં પહેલા વર્ગમાં બી. એ. પાસ થઈ ૯૦ રૂપિયાની સ્કૉલરશિપ અને ૧૨ સોનાના ચાંદ મેળવી એમણે બિહારનું નામ ઊજળું કર્યું અને એમ. એ. તથા એલએલ. બી. ના અભ્યાસ શરૂ કર્યા. આ વખતે તેમને વિલાયત જવાની ઉત્કટ ઈચ્છા થએલી, પરંતુ પિતાની માંદગી અને માતા તથા મોટાભાઈની નારાજીને માન આપી અટકી જવું પડયું. એથી એમનું મન ભાંગી ગયું અને સામાન્ય નંબરે તે એમ. એ. પાસ થયા.

શરૂમાં મુઝફરપુરની ભૂમિહાર બ્રાહ્મણ કૉલેજમાં પ્રોફેસર તરીકે અને પછી પ્રિન્સિપાલ તરીકે કામ કર્યું; પણ શિક્ષણકાર્યમાં બહુ રસ પડયો નહિ, એટલે ૧૯૧૦માં વકીલાતની પરીક્ષા પાસ કરી. આ જ અરસામાં ગોખલેજીએ એમની કારકીર્દિથી આકર્ષાઈ એમને પોતે સ્થાપેલી સર્વન્ટસ ઑવ ઇન્ડિયા સોસાએટીમાં જોડાવા આગ્રહ કર્યો, પણ ફરી કુટુંબીઓની ઇચ્છાને માન આપી તે ઊર્મિઓ દાબી દેવી પડી અને કલકત્તે જઈ એમણે વકીલાત શરૂ કરી. ત્યાં એમનું કાર્ય એટલું દીપી આવ્યું કે લૉર્ડ સિંહા, ડૉ. સર રાસબિહારી ઘોષ, દેશબંધુ દાસ, હસન ઇમામ વગેરે જેવા મહારથી ધારાશાસ્ત્રીઓ પણ ચકિત થયા અને ધન તથા કીર્તિ એમને ચરણે આવ્યાં. તે પછી એ પટણા હાઇકોર્ટમાં આવ્યા ને ત્યાં તો ધનના ઢગલા થવા લાગ્યા. પણ એ બધું ઘરમાં ન રહેતાં ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસ પાછળ, નિરાધારોની રોજી માટે અને બીજાં સેવાકાર્યોમાં વહેવા લાગ્યું, તે એટલે સુધી કે ૧૯૨૦ના અસહકાર વેળાએ એમણે માસિક ૩ હજારની પ્રૅક્ટિસ છોડી તે વખતે એમની પૂંજી પૂરી પંદર રૂપિયાની યે નહોતી !

પટણા હાઇકોર્ટમાં એ વકીલાત કરવા આવ્યા એ જ વર્ષે વ્રજકિશોર બાબુએ ચંપારણના ખેડૂતોની પાયમાલી અંગે ઉગ્ર આંદોલન શરૂ કર્યું. તેની તપાસ અર્થે ગાંધીજી ત્યાં ગયા, અને એમાં રાજેન્દ્રબાબુએ જે સહાય એમને કરી તેને લીધે તેઓ પરસ્પરના નિકટ પરિચયમાં આવ્યા. ગાંધીજીના વિભૂતિતત્ત્વે એ કાળે કરેલી અસરે રાજેન્દ્રબાબુનો જીવનપ્રવાહ રાજકારણ તરફ વાળ્યો.

ત્યાર પછીનું એમનું જીવન મુખ્યત્વે એમના પ્રાંતનાં સેવાકાર્યો પાછળ અને ઉત્તરોત્તર વધતી જતી રાજકીય પ્રવૃત્તિમાં જ વીત્યું છે. ઈ. ૧૯૧૩, ૧૯૨૩, ૧૯૩૦ અને ૧૯૩૪માં બિહાર પર ઊતરેલાં મહાપૂર, દુષ્કાળ અને ધરતીકંપ જેવાં દૈવી સંકટોમાં એમની અખંડ, અવિરત, નિરપેક્ષ સેવા અજોડ બની છે.

હિંદી ભાષાના તે ઉમદા સેવક છે. પટણા યુનિવર્સિટી સ્થાપવામાં અને તેમાં માધ્યમ તરીકે હિન્દી દાખલ કરાવવામાં રાજેન્દ્રબાબુએ લીધેલો શ્રમ બિહારના શિક્ષણના ઇતિહાસમાં નોંધપાત્ર છે. ૧૯૨૦ના અસહકાર પછી એમણે રાય બહાદૂરનો ઈલ્કાબ ત્યજી દીધો અને બિહાર વિદ્યાપીઠની સ્થાપના કરી. ૧૯૩૪ની મુંબાઈ કૉંગ્રેસનું પ્રમુખપદ આપીને દેશે એમની રાજકીય સેવાઓની સર્વોચ્ચ કદર કરી અને કૉંગ્રેસના અગ્રિમ નેતાઓમાં એમને સ્થાપ્યા.

એ એટલા તો સાદા, નમ્ર, ઋજુવૃત્તિના પ્રેમાળ અને ઉદાર છે કે એમને 'અજાતશત્રુ' કહી શકાય. એમનાં સૌજન્ય અને સેવાનાં ગાન આજે બિહારને આંગણેઆંગણે થાયછે.

કોઈ પ્રકાશ ન લે કે લે, એ ચિંતા ન કરે દીવો,
નિજ ધર્મે દઢ રહી, બળી પરકાજ મરે મરજીવો.

—રમણલાલ સોની—


રશિયામાં જમીનદારો પોતાના ખેડૂતોને ગુલામ જેવા ગણી નિર્દયતા ગુજારતા એ કાળમાં એ જુલમ નિવારવા માટે બિશપ ટીઅન નામનો પાદરી પ્રિન્સ વાયોનેઝ નામે એક અત્યાચારી જમીનદાર પાસે તેને સમજાવવા ગયો. પણ વાતચિતમાં જ જમીનદાર સાહેબનો મિજાજ ગયો અને તેણે બિશપને એક થપ્પડ ખેંચી કાઢી. બિશપે તેને પગે પડીને કહ્યું કે 'અતિથિ અને વળી પાદરીને મારવાનો આ જે અપરાધ આપથી થયો તેનો યે દોષ તો મારો જ છે; કેમકે હું આપને ગળે ઊતરે એટલી સારીરીતે ઉપદેશ આપી શક્યો નહિ. માટે મને ક્ષમા કરો!' પાદરીને મારવાના અપકૃત્યથી મનમાં તો પ્રિન્સ પસ્તાતો જ હતો, તે આ અદ્ભુત શાંતિ અને નમ્રતા જોઈ ગળગળો થઇ પાદરીને પગે પડચો; અને તે દિવસથી એ જમીનદારના ખેડુતો રશિયાભરમાં સુખીમાં સુખી ગણાતા થયા એટલી સારી એની વર્તણુક થઈ ગઇ.

અનેકાર્થી શબ્દ: દર=દરેક; બારણું કે દરવાજો; ભાવ, કિંમત; જ્યાં ઊસ કે ખાર થાય તે જગ્યા; કોઈ પ્રાણીએ જમીનમાં રહેવા માટે કરેલું કાણું, છિદ્ર, ભોણ.

કહેવત કેમ પડી: 'વાણિયાની ભમ પાંચશેરી' અથવા 'કોથળામાં પાંચશેરી' બહાર જાહેર ન થાય એ રીતે બાંધ્યે ભરમે પણ સચોટ કરવા કામ માટે અથવા મર્મનાં વચન માટે વપરાતી આ કહેવત વિષે એવી વાત છે કે બજારમાં કોઇ વાણિયાની દુકાને માલ લેવાજનારએક મિયાંને વાણિયાએ છેતરતાં, મિયાંએ તેની ચોરી પકડી સરકારમાં જાણ કરવા ઘસડવા માંડચો. પણ ત્યાં તો આજુબાજુના વાણિયાએ ભેગા થઈ તેને ઘેરી લીધો, ને મિયાંભાઈ સામા થતાં સૌએકપડાંમાં કાટલાં નાખી મારવા માંડચો. પેલા વાણિયાએ તો રીસે બળતાં એક કોથળામાં પાંચશેરી નાખીનેતેનેકૂટવા માંડચો મિયાંભાઇએ મહા મુશીબતે ભાગીને ફરિયાદ કરી, પણ વાણિયાઓએ ચાલાકી કરીને મૂઢ માર જ મારેલો હોઇને તેની ક્યાંય નિશાની ન હોવાથી ફરિયાદ ચાલી નહિ.

દુનિયામાં પહેલવહેલી વીમાની પૉલિસી ૧૮૫૩ના જુનની ૧૮મી તારીખે વિલિયમ ગિબન્સ નામના શખ્સને અપાએલી.

તમારા ઓરડાની બારીના માપને અનુકૂળ થાય એવું પાટિયું બે મજાગરાંથી બારીના ચોકઠાંના નીચેના ભાગમા જડી દો. (મજાગરાના સાંધા નીચે આવે તેમ.) પછી ચિત્ર પ્રમાણે હૂક, દોરી અને કડીઓ લગાડી દો, એટલે ઓછુંવત્તું ઢળતું રાખી શકાય, અને ખોલીને નીચે પાડી નાખવાથી બીલકુલ જગ્યા ન રોકે એવું સુંદર મેજ તૈયાર થશે નીચેની આકૃતિમાં આપેલું તેનું આલેખન આખી રચના સમજાવી રહે છે.




ગણિત ગમ્મત

$$(૧^૨+૨^૩)-(૧+૨)^૨=૦$$
$$(૨^૨+૩^૩)-(૨+૩)^૨=૨\times૩$$
$$(૩^૨+૪^૩)-(૩+૪)^૨=૪\times૬$$
$$(૪^૨+૫^૩)-(૪+૫)^૨=૬\times૧૦$$
$$(૫^૨+૬^૩)-(૫+૬)^૨=૮\times૧૫$$
$$(૬^૨+૭^૩)-(૬+૭)^૨=૧૦\times૨૧$$
$$(૭^૨+૮^૩)-(૭+૮)^૨=૧૨\times૨૮$$
$$(૮^૨+૯^૩)-(૯+૧૦)^૨=૧૪\times૩૬$$
$$(૯^૨+૧૦)-(૯+૧૦)^૨=૧૬\times૪૫$$
$$(૧૦^૨+૧૧)^૩-(૧૦+૧૧)^૨=૧૮\times૫૫$$

અને એમ આગળ. —કા. મ. જોષી

કાકડી અપચો ને તાવ લાવે છે એ માન્યતાથી ઘણાં તે ખાતાં ડરે છે. રાત્રે કાકડીને સમારી રાખી, ઉપર થોડું મીઠું છાંટી ખારિયું બનાવી રાતભર રાખી મૂકવું ને સવારે એમાંથી છૂટેલું પાણી નીતારીને પછી તે ખાવી. હરકત નહિ કરે. અપચો કરનાર એ પાણીજ હોયછે.



દૃષ્ટિભ્રમનો નમૂનો: ઉપલી આકૃતિમાં એક નજરે, જોતાં ડાબી બાજુથી ચડવાનાં પગથિયાંની હાર જણાશે; પણ દૃષ્ટિ એકાગ્ર થઇને પલટાતાં બીજી નજરે એજ પગથિયાં ઉલટી ગયાં હોય તેમ જમણી બાજુને ઉપલે ખૂણેથી ઊંધાં લટકતાં જણાશે. આકૃતિને ઉલટાવીને જોવાથી પણ આ બંને ભ્રમ માલૂમ પડશે.

ઑસ્ટ્રેલિયામાં સૌથી પ્રથમ જન્મેલા ગોરા છોકરાનું નામ સીઝેર વાન ન્યુલાન્ટ જાન્સ હતું. તે 'લાઇડન' નામના વહાણમાં ઈ. ૧૬૨૩ના જુલાઇની ર૭મીએ જન્મેલો.

'ફ્રેન્ડલી આઇલૅન્ડઝ' ટાપુઓના લોકો શાર્ક માછલીના દાંતનો નાણાં તરીકે ઉપયોગ કરે છે. લાલ અને ધોળા બે રંગના તે રાખે છે, અને ધોળાની કિંમત લાલ કરતાં વીસગણી લેખાય છે.

ચિત્તો. ઝડપીમાં ઝડપી પ્રાણી છે. તેની ઝડપ કલાકના ૬૦ માઇલ જેટલી હોય છે.

આબરૂની નુકશાનીનો કેસ ચાલતો હતો. આરોપીના વકીલે વિરૂદ્ધ સાક્ષીને પૂછ્યું 'આરોપીએ તમને શી ગાળ દીધી હતી કે કહો જોઇએ!'

સાક્ષી: (શર્માઇને) તે સભ્ય માણસો આગળ બોલાય તેવી નથી, સાહેબ?

વકીલ: તો પછી જજ સાહેબને તો કાનમાં કહો!



દેશદેશનાં બાળકોના ચિત્રવિચિત્ર પોષાક: ડાબી બાજુથી (૧) ચીન (૨) જાપાનનાં બાળકો રેશમી કપડાં ને લાકડાના જોડા પહેરે છે. (૩) બરફ પર ચાલતાં ઉત્તર ધ્રુવ દેશનાં બાળકો.